Ekatra Foundation

વર્ષ ૨

અંક ૧૧ | એપ્રિલ | ૨૦૧૫

# સંચયન 11

સાંપ્રત સાહિત્ય-વિચાર-જગતની ઝલક આપતું સામયિક

સંપાદક

રમણ સોની

Ekatra Foundation

મુદ્રિત સાહિત્યનું વીજાણુ સાહિત્યમાં રૂપાંતર અને વિસ્તાર ઝંખતી સંસ્થા

સલાહકાર અધ્યક્ષ : સિતાંશુ યશશ્ચંદ્ર

સંચયન

સંપાદક : રમણ સોની

એકત્ર ફાઉન્ડેશન
સંચયન -ઈ-સામયિક

પ્રકાશક : અતુલ રાવલ

135 Tradition Pkwy
Flowood, MS 39231 - USA
email : atulraval@ekatrafoundation.org
phone: 704-756-1325

તંત્ર-સંચાલક : રાજેશ મશરૂવાળા

email : mashru@ekatrafoundation.org

મુદ્રણ-અંકન (ટાઇપસેટ): વિભા સોની

લેઆઉટ - પરિકલ્પના : રમણ સોની
e-mail : ramansoni46@gmail.com
phone : 91-9228215275

ડીઝાઇન અને નિર્માણ : અતુલ રાવલ

## NAVIGATION નેવિગેશન

અનુક્રમમાંની કોઈપણ કૃતિ – કવિતા, વાર્તા, વ. –પસંદ કરીનેતમે જોવા ઇચ્છતા હો તો અનુક્રમની એ વિગત પર માઉસ મૂકીને ક્લિક કરવાથી સીધું જ એ પાના પર જઈ શકાશે.

**www.ekatramagazines.com**

**અમારી પ્રવૃત્તિઓનું એક નવું સોપાન**

ઇ-મેઈલના માધ્યમથી અમે એને તમારા સુધી પહોંચાડી રહ્યા છીએ. જેને જેને ‘સંચયન’ મેળવવામાં રસ હોય એમના **ઈ-મેઈલ** અમને જણાવશો

સૌ મિત્રો એને અમારી વેબસાઈટ પર પણ વાંચી શકશે



# અ નુ ક્ર મ


સંપાદકનું કથન : રમણ સોની ૪

દસ કાવ્યો (કાવ્યો) : રમેશ પારેખ ૬

આભલાનો ટુકડો (વાર્તા) : જયંતિ દલાલ ૧૩

સાણસી (કાવ્ય) : બકુલ ટેલર ૨૦

આ મકાન ન જોઈએ (હાસ્ય) : બાબુભાઈ વ્યાસ ૨૩

નૉર્વેજિયન વૂડ (નવલકથા) વિશે (પુસ્તક-પરિચય) : અતુલ રાવલ ૩૦

પાંચ કાવ્યો : એલિયાદ નન્દિનો : અનુ. બાબુ સુથાર ૩૭

ખોવાયેલો ભગવાન (ચરિત્ર) : અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ ૪૦

ત્રણ પત્રો (નિબંધ) : રવીન્દ્રનાથ ટાગોર : અનુ. અનિલા દલાલ ૪૬

કોઈના પગલામાં... (કવિતા) : ખલીલ ધનતેજવી ૪૯

લાભશંકર ભટ્ટ (વ્યક્તિ-પરિચય) : મનોજ શુક્લ ૫૦

આ અંકના લેખકો ૫૩

એકત્ર-વૃત્ત ૫૪

ચિત્રો : રેખા રાણા ૧૯, ૨૨, ૨૯, ૩૬, ૪૨, ૪૯

# સંપાદકનું કથન

## પુસ્તકદિનનાં પ્રસન્ન અભિનન્દન !

મિત્રો,

વીજાણુ પરદે આપણી મુલાકાત થાય છે – એનું આદાનપ્રદાન પણ કંઈ ઓછું નથી હોતું – ને ઓછા મહત્ત્વનું પણ નથી હોતું. સમયનો વેગ બહુ વધી જાય છે : ક્ષણમાં – એક ક્લીક માત્રમાં – આપણો સાક્ષાત્કાર થાય છે. ને બીજી ક્લીકે ‘સંચયન’ અનેક રસિકજનો સુધી પહોંચી શકે છે.

પણ પ્રત્યક્ષતાનો એક બીજો અર્થ પણ છે. માણસો એકબીજાને સીધા જ મળે, રૂ-બ-રૂ થાય, હસ્તધૂનન કરે અને એકમેકને જુએ–સાંભળે–ચર્ચા કરે.

એવો ‘પ્રત્યક્ષ સંપર્ક-સંવાદ’નો કાર્યક્રમ ‘એકત્ર’ દ્વારા અમદાવાદમાં ૧૧મી એપ્રિલે થયો. ને પછી ૧૬મી એપ્રિલે એવો જ કાર્યક્રમ વડોદરામાં થયો. – એ બંનેનાં કાર્યક્રમ-કાર્ડ આ અંકમાં, સૌની જાણ માટે, મૂક્યાં છે.

આયોજન એવું હતું કે, શરૂઆતમાં આ વીજાણુ–પ્રકાશનની પ્રવૃત્તિ વિશે અતુલ રાવલ વાત કરે, પછી ‘સંચયન’ના સંપાદક પોતાનો અનુભવ-આનંદ રજૂ કરે, પછી અધ્યક્ષ-અતિથિવિશેષનાં સૂચન-શુભેચ્છા-વચનો અને એ પછી ચાર-પાંચ જાણકાર વક્તાઓ પોતાના પ્રતિભાવ-અભિપ્રાય આપે ને છેલ્લે ખુલ્લી ચર્ચા થાય.

બે કલાકનો આવો સઘન કાર્યક્રમ બંને શહેરોમાં રસપ્રદ રહ્યો.

અતુલ રાવલે પાવર-પોઇંટ પ્રોજેક્શનની મદદથી ‘એકત્ર’નાં બંને પ્રકાશનક્ષેત્રો વી-ગ્રંથો અને વી-સામયિક ‘સંચયન’ને સાક્ષાત્ કરી આપ્યાં અને રાજેશ મશરૂવાળા દ્વારા OCRના તંત્ર-કૌશલની મદદથી મુદ્રિત સામગ્રીને સંપૂર્ણતાથી અને ઉપયોગિતાપૂર્વક વીજાણુ-સામગ્રીમાં રૂપાંતરિત કરવાની પદ્ધતિની વાત કરી. છેલ્લે, એમણે ‘એકત્ર’ના – માતૃભાષા-સેવાને લક્ષ્ય કરતા ‘મિશન’ની વાત કરી : એકત્ર વી-ગ્રંથો અને સામયિકનું મુક્ત (free) વિતરણ શક્યતાની સીમા સુધી કર્યે જશે. સૌએ પ્રસન્નતા વ્યક્ત કરી.



‘સંચયન’ના સંપાદકે, વીજાણુ-વિશ્વની પોતાને જ્યારે સાવ જ ઓછી જાણકારી હતી ત્યારે આવા બહુવ્યાપી અને ત્વરિત પ્રસારણવાળા માધ્યમને શા માટે સ્વીકાર્યું એની ભૂમિકા કરીને, મૂળે તો સર્વસાધારણ વાચનરસિકને સાહિત્યના સૌંદર્ય-મૂલ્ય

તરફ વાળવા માટે એમણે 'સંચયન'નું સંપાદન સ્વીકાર્યું ને એ આશય કેવો તો સરસ ફળીભૂત થયો એની પ્રસન્નતા વ્યક્ત કરી. સાહિત્યની ઉત્તમતા સાથે બાંધછોડ કર્યા વિના પણ, વાંચવામાં રસ પડે એવું સાહિત્ય સૌ સામે રજૂ કરી જ શકાય – ને એમાં જાણકાર સાહિત્યરસિકો તેમજ સાહિત્યકારોને પણ સામેલ રાખી શકાય – એવો પ્રયોગ લેખે લાગ્યાનો સંતોષ વ્યક્ત કર્યો.

પ્રતિભાવકો જાણીતા સાહિત્યકારો હતા તેમજ 'સંચયન'થી, 'એકત્ર'નાં વીજાણુ-પ્રકાશનોથી પરિચિત હતા. એમણે સૌએ પ્રસન્નતા વ્યક્ત કરવાની સાથે કેટલાંક ખૂબ ઉપયોગી સૂચનો પણ કર્યાં હતાં – આ અનુભવ અમદાવાદ અને વડોદરા બંને સ્થળે થયો.

એવાં જ વિચારણીય સૂચનો અધ્યક્ષો અને અતિથિવિશેષો પાસેથી પણ મળ્યાં – 'એકત્ર'ની કાર્યદિશા માટેની પૂરી શુભેચ્છા સાથે.

ચર્ચા પણ સારી થઈ.

પહેલી વાત સંતુલનની હતી – કૉમ્પ્યુટર તથા બીજાં ગેઝેટ્સ પર જ જોનાર-વાંચનારની સંખ્યા વધતી જ જશે ત્યારે પણ મુદ્રિત સામયિકનું, પુસ્તકનું મૂલ્ય ઓછું થવાનું નથી – ન થવું જોઈએ. કૉમ્પ્યુટર આદિનો 'સાક્ષાત્કાર' અને મુદ્રિત સાહિત્યની 'પ્રત્યક્ષતા'નો સંવાદ જ આપણને સૌંદર્યશીલ ને વિચારશીલ સાહિત્યના સંપર્કમાં રાખી શકાશે.

જેમ અઢળક મુદ્રિત સાહિત્ય-સામગ્રીમાં કંગાળ, શુષ્ક, બિનજરૂરી સામગ્રીનો ઢગલો હોય છે એવો જ — કદાચ એથી ય વધારે કંગાળ, નર્યો મનોરંજક, સમય પસાર કરાવી જનારો ગંજ ઈન્ટરનેટ પર સુલભ થતી સામગ્રીમાં પણ હોય છે. એટલે એ લપસણે માર્ગે તો 'સંચયન' જવાનું જ નહીં – પરંતુ, એ સાથે જ, શુદ્ધ અને સત્ત્વશીલ સાહિત્યસામગ્રી દ્વારા એક જુદી જ મુદ્રા – સૌને આનંદપૂર્વક ઉપયોગી થનારી પ્રવૃત્તિ એ બની રહેશે.

દસ્તાવેજીકરણનો પ્રશ્ન ચર્ચામાં ઉપર તરી આવ્યો. હા, 'સંચયન'માં પૂરું દસ્તાવેજીકરણ અને સંરક્ષણ ધ્યાનપૂર્વક થાય છે. લેખકોનો, એના લખાણનો ટૂંકો-સરળ પરિચય, એ કાવ્ય-વાર્તા-લેખ ક્યાંથી લીધાં એની સ્રોત-માહિતી ઉપરાંત જાળવી રાખવા જેવી માહિતી (ગુજરાતીનાં સામયિકો, જેમનું શતાબ્દીવર્ષ આવતું હોય એવા લેખકોની વિગતો, શબ્દ-ચર્ચા, વ્યાકરણની રસપ્રદ ચર્ચા, વગેરે) પણ 'સંચયન'ને એક ઉપયોગી સામયિક કરતું રહેશે.

અતુલ રાવલનું ગુજરાતમાં આવવું, આ 'પ્રત્યક્ષ સંપર્ક–સંવાદ'થી લેખે લાગ્યું. આવી પ્રત્યક્ષતા વિસ્તરતી રહે એમાં તમારી સૌની શુભેચ્છાઓ હશે.

રમણ સોની



## રમેશ પારેખ

કવિ ન્હાનાલાલ અને રાજેન્દ્ર શાહ પછી ગુજરાતી ગીત કવિતાનો મહત્ત્વનો ને મધુરતમ અવાજ તે રમેશ મોહનલાલ પારેખ (જ. ૨૭ નવે. ૧૯૪૦ – અવ. ૧૭ મે ૨૦૦૬).

રમેશ પારેખની કવિતાનું (ગીતો અને ગઝલોનું) પહેલું આકર્ષક અને ઉત્તમ લક્ષણ તે એની લય-સમૃદ્ધિ. એ લયમાં વિવિધતા છે ને પ્રચુરતા પણ છે; એમાં પૂરી ચોકસાઈ પણ છે ને લયનો તંતુ ન છોડતું રમતિયાળપણું ય છે.

રમેશ પારેખનું ભાવજગત મધ્યકાલીન ભક્તિ-સંવેદના, સૌરાષ્ટ્રની તળ લોક-સંવેદના, આધુનિક યુવા-સંવેદના અને ખરી મનુષ્ય-સંવેદનાથી છલકતું રહેલું. એમાં, એક છેડે મીરાંની પ્રેમ-ભક્તિના મર્મોને ઝીલતું ઊંડાણ છે, તો બીજે છેડે આલા ખાચરના તોફાની ઠઠ્ઠાચિત્રની તાદૃશતા છે. 'લાખા સરખી વાત'નામનું એક દીર્ઘ અછાંદસ કાવ્ય રમેશને વિદગ્ધ કવિ પણ ઠેરવે છે.

એસ.એસ.સી. થઈ અમરેલી જિલ્લા પંચાયતના કર્મચારી તરીકે નોકરી કરનાર રમેશને અમરેલીએ –ને આખા ગુજરાતે –પ્રેમાદર-પૂર્વક કવિતાના ઊંચા આસને બેસાડેલા. પહેલો કાવ્યસંગ્રહ 'ક્યાં?'(૧૯૭૦) પ્રગટ થયો પછી સતત લખતા રહેલા આ કવિના અનેક કાવ્યસંગ્રહોનાં કાવ્યો 'છ અક્ષરનું નામ' (૧૯૯૧)માં સંચિત થયાં.

રમેશ પારેખ આપણા એક ઉત્તમ બાળ-સાહિત્યકાર પણ હતા. 'હાઉક' વગેરેનાં બાળ-કાવ્યોમાં અને 'હફરક લફરક' જેવા પુસ્તકમાંની બાળવાર્તાઓમાંલાય-મસ્તીભર્યું બાળમાનસ-વિશ્વ આહ્‌લાદક છે .

# દસ કાવ્યો

# રમેશ પારેખ

અહીં રજૂ કરેલાં ૧૦ કાવ્યોમાં રમેશ પારેખનાં ઉત્તમ ને જાણીતાં કાવ્યો તો લીધાં જ છે, ને વળી ઓછાં જાણીતાં ને અ-પરિચિત કાવ્યો પણ લીધાં છે – લયની સહજતાનો ને એમના ચારે દિશામાં પ્રસરતા રહેલા કાવ્યમિજાજનો એથી પરિચય મળશે. પસંદગીમાં કાવ્યત્વની ઉચ્ચાવચતા જોઈ નથી, રમેશની કવિતાના વિસ્તારનું પ્રતિનિધિત્વ રજૂ કર્યું છે.

## ૧ કે કાગળ હરિ લખે

-કે કાગળ હરિ લખે તો બને
અવર લખે તે એકે અક્ષર નથી ઉકલતા મને...

મોરપીંછનો જેના ઉપર પડછાયો ના પડિયો,
શું વાંચું એ કાગળમાં જે હોય શાહીનો ખડિયો?
એ પરબીડિયું શું ખોલું જેની વાટ ન હો આંખને...

મીરાં કે' પ્રભુ, શ્વાસ અમારો કેવળ એક ટપાલી
નિસદિન આવે જાય લઈને થેલો ખાલી ખાલી
ચિઠ્ઠી લખતાંવેંત પહોંચશે સીધી મીરાં કને... ૧
કે કાગળ હરિ લખે

-કે કાગળ હરિ લખે તો બને
અવર લખે તે એકે અક્ષર નથી ઉકલતા મને...

મોરપીંછનો જેના ઉપર પડછાયો ના પડિયો,
શું વાંચું એ કાગળમાં જે હોય શાહીનો ખડિયો?
એ પરબીડિયું શું ખોલું જેની વાટ ન હો આંખને...

મીરાં કે' પ્રભુ, શ્વાસ અમારો કેવળ એક ટપાલી
નિસદિન આવે જાય લઈને થેલો ખાલી ખાલી
ચિઠ્ઠી લખતાંવેંત પહોંચશે સીધી મીરાં કને...

## ૨ હસ્તાયણ

હાથ સૂમસામ બની મેજ પર પડેલા છે,
અસંખ્ય ઝાંઝવાંને સ્પર્શવાથી મેલા છે.

આ મારા હાથમાં દમયંતીપણું શોધું છું
મે મૃત મત્સ્ય અહીં એકઠાં કરેલાં છે.

રેશમી વસ્ત્રની માફક ઢળી પડ્યા નીચે
હાથને ખીંટીએ ટિંગાડવા ક્યાં સહેલા છે?

અડે અડે ત્યાં ઉઝરડા પડે છે સપનાંને,
હાથને ટેરવાં સાથે જ નખ મળેલા છે.

આંગળી નામની પાંચે છિનાળ પુત્રીએ,
સળંગ હાથને બેઆબરૂ કરેલા છે.

કોઈના હાથને પસવારે હાથ કોઈના
તો થાય : મારા હાથ આ જ છે કે પેલા છે?

એક તો હાથનું પોત જ છે સાવ તકલાદી
ને એમાં હસ્તરેખાઓના સળ પડેલા છે.

આ મારા હાથને હમણાં જ ગિરફ્તાર કરો
કે તેણે તોપનાં મોં જીવતાં કરેલાં છે.

આ હાથ છે ને એના પૂર્વજો ય હાથ હતા
આ વંશવેલા ઠેઠ મૂળથી સડેલા છે.

ખભાથી આંગળી સુધીના સ્ટેજ પર આ હાથ
હાથ હોવાનો અભિનય કરી રહેલા છે.

હે મારા હાથ, આ દમયંતીવેડાં ફોગટ છે
મત્સ્ય જીવે છે અને જળ મરી ગયેલાં છે.

આ હાથ સૌથી ખતરનાક બૉમ્બ છે તો પણ
એ સાવ કાચની પેઠે ફૂટી ચૂકેલા છે.



## ૩ ઉમાશંકરભાઈને...

બધી વ્યંજનાઓ ઊભી હશે નતમસ્તક
તમારી પથારી પાસે
તમને શૂન્ય નજરે જોતી,
હે વૈખરીની આંખના મોતી...

તમે વિશ્વને નાનું કરવા મથ્યા
અને કર્યું

ઝીણીઝીણી બે આંખથી હૃદયથી...
ક્યાં જાય છે તમારો રથ સડસડાટ?

આ પહોંચ્યા છે તમારા હાથ ક્ષિતિજપાર
આકશગંગાઓને સૂકીભઠ સાબરમતીમાં વાળવા?

મારી રંક ભાષાને ટોડલે
ટાંગ્યા પાંચસાત સૂર્ય
તમે ટાંગ્યા પાંચસાત ચંદ્રો
શબ્દને આકાશનો
અને આકાશને આંખનો દરજ્જો આપવા મથ્યા,
ઝૂઝ્યા ખોબોએક દેહથી
તેનો થાક પથારીમાં પડી રહ્યો ને તમે...

ક્યાં જાય છે તમારો રથ આમ સડસડાટ?

અમારી વાત કહેજો
મારગે મળતા દેવોને–
આખું માનવકુળ ભોળું છે
ક્ષમાપાત્ર છે.
પોતાના ખમીસની ચાળ ચાવી ખાય એવું
ને પોતાનાં આંસુથી પવિત્ર...
થોડું અભણ પરંતુ વહાલુડું...

પાછા આવો ત્યારે શું શું લાવશો
આ તમારા માનવકુળ માટે?
તમે અહીંથી લઈ ગયા તે સ્વપ્નદાબડો?
પાદરે ઊભા રહીને વાટ જોઈશું રોજ સાંજે...
અરે હા,
તમે આવો ત્યાં સુધીમાં
અમે વિશ્વને વધુ સુંદર કરી રાખશું, કવિ...

## ૪ ઓઢણીનું મહાભિનિષ્ક્રમણ

ખીંટીએ ઓઢણીને પૂછ્યું કે; ક્યાં હાલ્યાં ?
ઓઢણીએ કીધું કે : ઊડવા...

ખીંટી બોલી કે તને અધવચ્ચે ઝાલશું
તો ઓઢણી કયેઃ હવે ઝાલ્યો, ઝાલ્યો !
ઓરડાએ કીધું : અલી, મારી મરજાદ રાખ
હું તને કઈ પા-થી સાલ્યો?
ના, નહીં જાવા દઉં...ના, નહીં – એમ કહી હીંચકાએ માંડ્યું કિચૂડવા
ખીંટીએ ઓઢણીને પૂછ્યું કેઃ ક્યાં હાલ્યા? ઓઢણીએ કીધું કેઃ ઊડવા...

ઊંબર બોલ્યો કે : હું તો આડો નડીશ,
તયેં ઓઢણી બોલી કેઃ તને ઠેકશું,
ફળિયું કયે : અરરર, તો ઓઢણી કયેઃ મરી
તને પાંચીકા જેમ ક્યાંક ફેંકશું
વાયરાએ કીધું કેઃ હાલ્ય બાઈ, ચોંપ રાખ્ય, અમે તને નહીં દૈયેં બૂડવા
ખીંટીએ ઓઢણીને પૂછ્યું કેઃ ક્યાં હાલ્યા? ઓઢણીએ કીધું કેઃ ઊડવા...

## ૫ એક છોકરીના હાથથી રૂમાલ પડે

એક છોકરીના હાથથી રૂમાલ પડે
તે લેવા આખું યે ગામ વળે નીચે
જુવાન આંખ ફાડે; બુઢ્ઢાઓ આંખ મીંચે

નામ કોનું રૂમાલમાં આ છોકરીએ ભર્યું છે
તે બાબત પર ઠેરઠેર ગરમી
પડ્યા ગામના બગીચાઓ ખાલી ફુંજાર
અને નાસ્તિકો થઈ ગયા ધરમી
કારણ કે મંદિરે જાય છોકરી તો લોક શું કરવા ટળવળે બગીચે?

ગંધ છોકરીની આવી જે જીવને
તે જીવની ગંભીરતામાં પડી ગયો ગોબો
સહુ છોકરાને અરીસાઓ ઠપકો આપે કે
‘જરા મોઢાંઓ માંજો ને શોભો!’
કારણ કે ફળિયાના હીંચકે આ છોકરી એકલી બેસીને રોજ હીંચે.

## ૬ ઉનાળાના કભાવનું ગીત

ઉનાળો ફેલાતો જાય...
માતેલો તાપ ઠેઠ જીવ સુધી પહોંચ્યો તે દરિયા પણ સુક્કા દેખાય

હોઠમાંથી ખરી પડ્યું પાણીનું ભાન અને વસ્યું એક ઝાંઝવાનું ગામ,
નહીંને જો  ઓચિંતો આવે વરસાદ  તો તો પડી જાય  રૂંવેરૂંવે ડામ,
પારધીના હાથમાંથી છૂટેલી હોય તેવી લૂથી તો પથરા વીંધાય
ઉનાળો ફેલાતો જાય....

તરસો લીલોતરી પીવાની ઝાળઝાળ લાગે છે કે કોણ અહીં પાશે?
તૂટ્યા સંબંધ યાદ આવે કદીક એવી ખાલીખમ પરબો પણ ક્યાં છે?
બે'ક ટીપાં રડવું આવ્યું છે મને - એવી હું અફવા ફેલાવું પણ, હાય...
ઉનાળો ફેલાતો જાય...

## ૭ જનમટીપના કેદીનું (વરસાદી) ગીત

કાળી બરાકની બ્હાર મોર બોલે છે (ઉઘાડેછોગ) રહી રહીને
દારોગા, રોક...રોક...મારા બદમાસ કાન ભાગી છૂટ્યા છે મને લઈને

તોફાની વાયરાની ટોળીનો એક ચોર થપ્પો કહેતોક અહીં ચડી ગયો
તારી તોતિંગ ભીંત પાછળની કોટડીમાં  સંતાડ્યો હું એને જડી ગયો
કંઠને તપાસી જો કે તારી આલબેલ વહી ગઈ ક્યાં હાથતાળી દઈને
દારોગા, રોક...રોક...મારા બદમાસ કાન ભાગી છૂટ્યા છે મને લઈને

ડૂચો વાળીને મારા હાથઆંખપગનું તેં બાંધેલું પોટલું તો પડી રહ્યું
એવી રીતે હું બહાર ભાગ્યો કે બેટમજી, મારું પગેરું હવે જડી રહ્યું
આવ્યો વરસાદ દાવ દેવા તે જાઉં વળી નહીં તો જવું'તું ક્યા ભઈને
દારોગા, રોક...રોક મારા બહદમાસ કાન ભાગી છૂટ્યા છે મને લઈને
કાળી બરાકની બ્હાર મોર બોલે છે (ઉઘાડેછોગ) રહી રહીને...

## ૮ કબૂલ નથી

સજા કબૂલ, મને આ નગર કબૂલ નથી
હવે આ કેદ, આ ખુલ્લી કબર કબૂલ નથી

જઈ ચહેરાઓ ભટકતી નજર કબૂલ નથી
ફૂલો વિનાનું મને કોઈ ઘર કબૂલ નથી

બંધ દરવાજા ઝૂરે છે સતત ટકોરાને
કોઈ વિલંબ કે કોઈ સબર કબૂલ નથી

ચાંદ ઊગે છે હથેળીમાં તો ય અંધારું
હસ્તરેખાને કોઈ પણ અસર કબૂલ નથી

નથી કબૂલ આ અંગત વસંતનાં સ્વપ્નો
કોઈના હકમાં મને પાનખર કબૂલ નથી

નથી કબૂલ, હો દુઃસ્વપ્ન કોઈ આંખોમાં,
કોઈ હિચકારી પીડાની ખબર કબૂલ નથી

તમારી પીડામાં રાખો કબૂલ હક મારો
કોઈ જ તક મને એના વગર કબૂલ નથી

સજા કબૂલ, મને આ નગર કબૂલ નથી
હવે આ કેદ, આ ખુલ્લી કબર કબૂલ નથી

## ૯ મારા ચ્હેરાનું ઘરેણું

મારા ચ્હેરાનું ઘરેણું મારી મૂછ, મને ખમ્મા...
અમરેલી શ્હેર જેવું અમરેલી શ્હેર
    મારી મૂછ બાદ કરીએ તો તુચ્છ, મને ખમ્મા...

કોણ જાણે ક્યાંથી આ નાસિકાના છાંયડામાં
    દોમ દોમ તાણી છે રાવટીઃ
ભીતરનું ભોપાળું નીકળ્યું કે અસ્સલમાં
    એક એક તંત છે બનાવટી
    કોઈ નથી કરતું પડપૂછ, મને ખમ્મા...

ખોંખારા મારવાથી હિમ્મત રહે છે
    અને લાગે છે વાહ્વા ને દાદુ :
બાકી તો માછલી બતાવે છે રેતીના-
    રાફડામાં જીવવાનો જાદૂઃ
        ધીંગાણું કોણે જોયું છ? - મને ખમ્મા...

## ૧૦ આલા ખાચરનું ‘ આપણું તો...’

ભવાયા આવીને કે’:
‘બાપુ જોવા ન આવે તો રમીએ નંઈ.’
– હાળાંવને દીધાં બે ગામ, તાંબાના પતરે.

હડાળાનો કણબી કે’ કે ‘દીકરીનાં આણાં અટક્યાં છ્!
અફીણ ખાઉં.’
કાઢી દીધો પગનો તોડો,
નગદ સોનાનોઃ
‘જા હાળાં, કર્ય આણાં...’
નગરશેઠે પગ ઝાલ્યાઃ
‘બારે વા’ણ બૂડ્યાં,
વખ ઘોળું, લેણદારુંને શેં મોઢું બતાવું?’
દીધાં જરઝવેરાતનાં ગાડાંઃ
‘લ્યો, રાખો મૂછનાં પાણી...’

આપણું તો એવું.
માગતલ મૂંઝાય,
આપતલ નંઈ.

ઠકરાણાં ક્યેઃ ‘સૌને દીધું,
અમને?
અમે વાંઝિયાં.’
‘લ્યો, ત્યારે’ -એમ કહીને
દેવના ચક્કર જેવા ખોળાના બે ખૂંદતલ
દઉં દઉં ત્યાં ગધની આંખ્યું ઊઘડી ગૈ.
૦
રામજી લુવાર ઊભો છે.
કે’ છે : ‘ઘરાક આવ્યું છ્, બાપુ...!
બારતેરમાં સાટું સધરી જાશે
વેચી દેવી છે ને તલવાર?
આમેય તમારે પડી પડી કાટ ખાય છે...’
આપણું તો એવું...
દઈ દીધી!
માગતલ મૂંઝાય,
આપતલ નઈ.

*[‘છ અક્ષરનું નામ’]*

વાર્તા

# આભલાનો ટુકડો

## જયંતિ દલાલ

*મુખ્યત્વે વાર્તાકાર ને નાટ્યકાર જયંતિ ઘેલાભાઈ દલાલ (જ. ૧૮ નવે. ૧૯૦૯ – અવ. ૨૪ ઑગસ્ટ ૧૯૭૦)ની પ્રતિભા બહુમુખી હતી. એમણે વિશિષ્ટ નવલકથાઓ, સર્જનાત્મક અને વિચારલક્ષી ગદ્ય, નાટ્ય-વિવેચન લખ્યું; ૪૨ જેટલાં પુસ્તકોના અનુવાદ કર્યા, સામયિકો ચલાવ્યાં ને એક ગુજરાતી ફિલ્મ તૈયાર કરી!*

*ગાંધીયુગના એ રાજકીય-સામાજિક વિચારક ને કાર્યકર હતા. મહાગુજરાતની લડતમાં જોડાયા, આઝાદીની લડતમાં જેલવાસ પણ કર્યો. તે સમયના મૌલિક વિચારકોમાં અગ્રણી.*

o

*‘આભલાનો ટુકડો’ વાર્તા મધ્યમ વર્ગનાં પતિ-પત્નીની ઊંડી સંવેદનશીલતાને અને પરસ્પરની સમજને હળવે હળવે આલેખે છે. આર્થિક અભાવોની વચ્ચે આભલાના એક ટુકડાનો વૈભવ સંપડાવતી બારીમાં એરિયલના વાંસ નજરે પડતાં રમણને અકળામણ થાય છે, પણ એના પર પોપટ આવીને બેસે છે એથી જાણે એ વાંસ વૃક્ષની ડાળી બની જાય છે. કદરૂપું દૃશ્ય સુંદરતામાં ફેરવાઈ જાય છે – એનો હર્ષ જેટલો દક્ષા-રમણને થાય છે એટલો તમને પણ થવાનો.*

રમણની નોકરી છૂટી, અને પરાનું નાનકડું છતાં સુઘડ અને સુંદર રહેઠાણ છોડીને પોળમાં સસ્તા ભાડાનું મકાન શોધવાનો વારો આવ્યો, ત્યારે રમણની ઘણી ના છતાં દક્ષાએ, બે દાદરા ચડીને પાણી ભરવું પડે એવું હોવા છતાંય, ત્રીજા માળની બે ઓરડી જ પસંદ કરી. રમણને લાગ્યું કે દક્ષા નાહકનો મહિને ત્રણ રૂપિયાનો લોભ કરી રહી છે. આ આખો દહાડો ડોલે ડોલે કરીને પાણી ચડાવી ચડાવીને માંદી પડશે ત્યારે એવા ત્રણ રૂપિયા સોગણા થઈને દાક્તરના ખિસ્સામાં જશે, એટલે એણે દક્ષાને સમજાવવાનો યત્ન કર્યો.



‘એ પાણી ભરી ભરીને નળા ભરાઈ જશે પેટના. હેરાન થઈશ...થઈશું બધાંય તે. એના કરતાં તો આ નીચેનું શું ખોટું છે? આવ્યું ગયું પણ ખંટાશે.’

ઘરઘણિયાણી આગળ થતી આ વાતમાં એ બાઈએ પણ ઝુકાવ્યું. આવી રીતે વાત કરતાં પતિ-પત્નીને એ શુંય માની બેઠી. ‘તે તમે દક્ષાબેન પાસે પાણી ભરાવશો?’

પતિ-પત્નીએ એકમેકના સામે જોયું અને એમનાથી મલકી જવાયું. ‘કોણ કોને પાણી ભરાવે છે એની વાત તો ક્યાં કરવા જવી?’ રમણથી કશા પણ ઉદ્દેશ વિના બોલી જવાયું.

‘ત્યારે શું? આ બાઈ છે તેને પાણીવાસણ કરવા રાખીલ્યો–ને!’ દુનિયાદારીની રીતે ઘરધણિયાણીએ વધુમાં ઉમેર્યું.

રમણનું કંઈ ન ચાલ્યું, બાનું આપીને ત્રીજા માળની બે ઓરડીનું નક્કી કરી પતિ-પત્ની પુરાણા ઘર ભણી ચાલ્યાં. રસ્તામાં રમણે દક્ષાને સમજાવવાનો યત્ન ચાલુ રાખ્યો.

'કેવા સીધા દાદરા છે! પગથિયું ચૂક્યા તો સીધા મ્યુનિસિપાલિટીની સડક પર અને તેમાંય બોજ લઈને ચડવું-ઊતરવું! પગથિયું ભીનું થયું એટલે તો પાકું જોખમ, અને એ તો વિચાર કર કે દા'ડામાં કેટલી ચડઊતર! ગણાવું?'

રમણ બોલતો હતો, દક્ષા સાંભળતી હતી, પણ એના બોલ્યાની કશી ખાસ અસર થતી હોય એવું લાગતું જ ન હતું. ઊલટું, એ તો રમણ એક દલીલ આગળ કરે ત્યારે મલકે અને બીજી દલીલ આગળ કરે ત્યારેય મલકે.

દક્ષાને મીઠું મલકતી જોઈ બીજો કોઈ સમય હોત તો રમણ પણ આનંદમાં આવી ગયો હોત, પણ આજે પોતે બોલ્યા કરતો હતો અને આ કશોય જવાબ દીધા વિના દક્ષા માત્ર મલકતી હતી, એથી એને થોડો રોષ ચડ્યો.

'જો, તું ખાલી ગધ્ધામજૂરી કરવાનું માથે લે છે. મને વાંધો નથી, પણ આપણાથી નાહકની ઊઠબેસ નહિ થાય.'

ઘરકામ કરવા નોકર કે છૂટક બાઈ રાખી શકાય એમ નથી એ વાત બંને જાણતાં હતાં. રમણને ઓછું આવતાં વાર લાગતી નથી ને એમાંથી એ રોષે ભરાય છે એ વાત દક્ષા સારી પેઠે જાણતી હતી, તો એક વાર અમુક રીતે મનમાં ધાર્યું હોય તો દક્ષા એ વાત મૂકી દેતી નથી એ રમણ પણ પૂરી રીતે જાણતો હતો.

રમણ બોલ્યો : 'બસ, હવે જક પકડી છે તો પૂરું થયું કામ-કાજ.' પોતાને જ ડંખ મારતો હોય એમ રમણ બોલ્યો. એના ચહેરા પર ખીજ અને ખેદ બન્ને જાણે સાથે આવીને બેઠાં હોય એમ લાગતું હતું.

નોકરી ગઈ હતી. નવી નોકરી મળવાની આશા પૂરેપૂરી હતી, છતાંય પાછલી નોકરી જેવું વળતર રહે એવી આશા ન હતી. અને પાછું પૂરી આશા છતાંય એ આશા ક્યારે પૂરી થાય એ પણ એ એક સવાલ હતો, એટલે એ ચિંતા તો હતી. દક્ષા નવી ઉપાધિને નોતરું આપી બેસે એ ઠીક લાગે?

આછું મલકતી દક્ષા રમણના રોષભરેલા અને સાથે જ રંજ પ્રગટ કરતા ચહેરા તરફ જોઈ રહી. એક નાનકડો નિઃશ્વાસ એના મોંમાંથી નીકળી પડ્યો. રમણનું ધ્યાન એના તરફ ન હતું.

'જાણો છો?'

રમણે એના સામે જોયું.

'ત્રીજો માળ કેમ પસંદ કર્યો એનું કારણ જાણો છો?' રમણના ચહેરા પરથી નજર ઉઠાવીને દક્ષા હવે પડખેથી જતી ઘોડાગાડીને જોઈ રહી.

'હા, સ્વાશ્રયનો મહિમા વધારવો છે, જામેલી ચરબી ઉતારવી છે, કોક દાક્તરનું પૂર્વજન્મનું લહેણું વસૂલ આપવું છે.' રમણ એની રોષભરી રીતે બોલી ગયો.

દક્ષાના મલકતા ચહેરા પર રંજની આછી વાદળી આવી લાગી.

'અને...અને નજર નાખીને જોવા આકાશ જોઈએ છે.'

રમણ ચાલતાં ચાલતાં થંભી ગયો. દક્ષાના ચહેરા ઉપર એણે જોયું, ટીકીટીકીને જોયું. એ તો આગળ દોડતી જતી પેલી ગાડીને હળવું ફૂલ હોય એમ ઉછાળી ઉછાળીને દોડી જતા પૈડાની, ઘોડાની નાળ આસ્ફાલ્ટ પર પછડાતાં વીજળીના જે ચમકાર કરતી, તેને જોઈ રહી  હતી.

નીચલા હોઠના છેડાને ઉપલા બે દાંત નીચે દબાવી રમણ બોલ્યો. ‘પાગલ!’

વીજળીના ચમકાર પરથી નજર ઉઠાવી દક્ષાએ રમણના ચહેરે જોયું. એને પોતાના ઉપર ખીજ ચડી હોય ત્યારે એ હોઠ કરડતો એની દક્ષાને ખબર હતી, છતાં એની સાથે સાથે દક્ષા સમજાવી ન શકે, પરંતુ જાતે સમજીને રાજી રાજી થઈ જાય એવી કશી અનોખી પ્રસન્નતાની દીપ્તિ પણ રમણના ચહેરે આવીને બેઠી હતી.

‘પાગલ તો ખરાં જ ને?’ દક્ષા વાતડાહ્યાની રીતે બોલી. અનુનાસિક આસપાસ દક્ષાના અવાજે દોરેલી રંગોળી રમણના ધ્યાન બહાર ન ગઈ.

‘ખરાં સ્તો!’ રમણ પોતે પણ પાછો શું કામ રહી જાય?

બંને, પળભર તો, મંદિરની નમેલી કમાન પર બેઠાં બેઠાં ગરદન ફુલાવતાં, હુંકાર કરતાં, ગિરેદાર કબૂતર જેવાં બની ગયાં. ઘંટડી વગરની સાઈકલ ચલાવતા સવારે ‘બાજુ’ ‘બાજુ’ કહી એમને પાછાં પૃથ્વી પર આણ્યાં.

‘પાગલ ખરાં સ્તો !’ રમણ ફરીથી બોલ્યો. આ માત્ર પોતાના આત્મસંતોષાર્થે હતું કે  દક્ષાનાં કાન અને સૂઝ માટે હતું એની એને પણ ખબર ન હતી. ‘દુનિયા આપણને પાગલ જ કહે. એક ચાર તસુનો આકાશનો રેજો જોવા...પણ એ તો હું નદીકિનારે જઈને પણ જોઈ આવીશ...અને એ ન પણ જોયું તો શું થઈ ગયું? એટલા માટે...’

રમણ પાછો પેલી જાતને ડામવાની રગમાં આવી ગયો છે એની દક્ષાને ખાતરી થઈ, એટલે એણે વાત બદલવાનો યત્ન કર્યો, અને ઘેર પહોંચ્યાં ત્યાં લગી દક્ષાએ ફરી વાર એને એ વિશે વાત કરવા જ ન દીધી.

લગ્ન પહેલાંય દક્ષાને રમણ વિશે જે સાંભળવા મળ્યું હતું તેમાં આ વાત તો હતી જ. કોણ જાણે ક્યાંથી પણ રમણ એ સંસ્કાર લઈને આવ્યો હતો. જ્યાં જરા ફુરસદ મળી એટલે આકાશ સામું જોઈ રહેતો. ધોળા રૂના પોલ જેવાં વાદળાં હોય કે આકાશ ભોળા બાળકના દિલ જેવું નિરભ્ર હોય, કે પછી કુદરતે પૂરી કૃપા ન કરીને ન પૂરાં પાણીથી ભર્યાં હોય કે ન પૂરી ધૂળની ડમરીએ છવાવા દીધાં હોય તેવાં ગંદાંગોબરાં લાગતાં વાદળાં દોટાદોટ કરતાં હોય, રમણ વિસ્મય પામતો, આનંદ પામતો એને જોઈ જ રહેતો.  ‘જોડકણાં જોડશે આ છોકરો’, અનુભવવૃદ્ધોએ રમણના ભાવી ઉદ્યમ વિશે આગાહી પણ કરી હતી.

પણ આકાશ સામે જોઈ રહેતો રમણ કશીય આકાશી વૃત્તિને આશરે ન ગયો. ઠીક ઠીક ભણ્યો અને દુનિયાદારીનું મળ્યું તેટલું જ્ઞાન લઈ એ નોકરીએ વળગ્યો એને પહોળી ગાદી પર ઊંચા તકિયાને ટેકે શેઠાઈ કરવાનાં સ્વપ્ન આવતાં ન હતાં. પારકાની મોટરમાં બેસવાનું માન પણ એણે માણ્યું ન હતું. પૂછી પૂછીને આપઉકલતે જે ચાર તારાનાં નામ એ જાણતો થયો તેને ઊંઘમાંય જોઈ રહેવાનાં જ જાણે એને સોણલાં આવતાં. ગામડાગામમાં તો આ શોખ પૂરી રીતે સંતોષાતો, પણ શહેરમાં નોકરી મળ્યા પછી એણે આટલું મનમાન્યું કરવા છેક  પરામાં ઓરડી ભાડે લીધેલી. ઓશરીમાં પડ્યા પડ્યાય તારાની લીલાને, આ અંધારી દુનિયાનો તાગ પામવા, આદર અને હેરત સાથે એ જોઈ રહેતો. નોકરીમાં થોડી બઢતી મળી અને દક્ષા અહીં આવી ત્યારે એણે મકાન બદલ્યું તો ત્યારે પણ આ સગવડ તો પહેલી જોયેલી.

નોકરી ગઈ. એ બેકાર બન્યો. અને એ બેકારીનો કાળ કેટલો ચાલશે એની કશી કલ્પના પણ થઈ શકે એમ ન હતું. થોડી ઘણી જે બચત થઈ હતી તેમાંથી જ એ કપરો કાળ કાપવાનો હતો, એટલે પેલું બંગલી જેવું

મકાન તો છોડવું જ પડે એમ હતું. ક્યાંય સસ્તામાં સમાઈ જઈ દહાડા ટૂંકા કરવાના હતા. મનમાં એમ જરૂર હતું કે નોકરીએ લાગી જઈશ, પછી આવા મકાનમાં રહેવાનું નહિ રાખીએ.

કશું બદલાશે અને જે બદલાશે તે સારા માટે જ બદલાશે એવી કરોડોના દિલમાં સળવળ્યા કરતી ખાએશ એના મનમાં પણ હતી.

દક્ષા કશુંય બોલ્યા વિના આ બધું જોતી. કોક વાર એને એવા ટાઢા, અબોલકા અને તરંગી પતિ પર રોષ ચડતો, પણ એને નિજાનંદમાં આકાશ સામું ટીકી રહેતો જોવો એ પણ એક કેટલો મોટો લ્હાવો હતો ! એ કેટલું નિર્દોષ, કેટલું ભવ્ય, કેટલું મન ભરી દેતું લાગતું ! કોઈની નિંદા કે તથા ન હતી. કોઈની નાકલીટી ખેંચવાની ઓશિયાળી ન હતી. ઊણા પેટે સૂવામાં કશી હરકત હતી, પણ ઊણા મને સૂનારાં ન હોવાનો સંતોષ કમ ન હતો.

અને એટલે જ દક્ષાએ ચાર આંગળનું આભલું જોઈ શકાય તેવો ત્રીજો માળ પસંદ કર્યો.

નોકરીએથી આવીને રમણ હાથપગ ધોતો. પેલા લગભગ સીધા દાદરના પગથિયે પગથિયે ડોલ મૂકતી મૂક તી શ્વાસ ખાતી ઉપર ચડતી દક્ષાનું ન જોયેલું તોય આમ સાદૃશ થતું ચિત્ર રમણની નજર આગળ આવતું અને એ ચિત્ર એના ચિત્તને કોરતું. પાણી ભરેલો લોટો હાથમાં જ રહી જતો અને આ નાનકડી ચોકડીમાં પાણી ભરેલી ડોલ મૂક્યા બાદ દક્ષાએ કાં તો ભીંતે ટેકો દીધો હશે કે પાળ ઝાલી લીધી હશે એવી કલ્પનાએ એનું મન ચડતું. લોટાનું પાણી પાછું ડોલમાં રેડી દઈ રમણ માત્ર રૂમાલથી કોરું કોરું લોહી લેતો.

દક્ષા જેટલી રાજી થતી તેટલી જ નારાજ થતી; ખિજાતી પણ ખરી. ક્યારેક બોલતી :

‘એમ કાંઈ તમને મૂકીને મરી નથી જવાની.’

રમણ થોડું મલકતો અને ફરી બંને જણ વાતને મનના અતલ ઊંડાણમાં ભંડારી દેતાં.

મનમાની નહિ તોય નોકરી તો મળી જ ગઈ. ઝાઝી મહેનતની ભલે રહી. જ્યાં જઈએ અને નોકરી કરીએ ત્યાં હાડકાં તો વાળવાનાં જ હોય છે. મળતર જરા ઓછું તોય સ્વમાન સારી પેઠે જળવાય એવું. પણ પેલી બંગલીમાં પાછા જવાય એવું તો  ન જ બન્યું. કોઈ બોલતું નહિ, તોય બંનેનાં મનમાં એનો વસવસો તો હતો જ. પણ એ વસવસા કરતાં વધુ ગજું કાઢીને તો વસતી હતી પેલી ‘કશું બદલાશે’ની લાગણી.

બેચાર દિવસ બાદ રમણને નવો તુક્કો સૂઝ્યો. એક ડોલ ને પવાલું એણે નીચે ચકલી નીચે જ મૂકી રાખ્યાં અને આવ્યો તેવો ટુવાલ લઈને નીચે જ ગયો. બીજે દિવસે સવારે નળ નીચે ડોલ કે પવાલું બેમાંથી કશું ન હતું એવી ખબર પડી ત્યારે દક્ષા નુકસાન છતાંય હસી પડી.

રમણને ભોંઠા પડવા જેવું તો લાગ્યું. પણ દુનિયાને સરળ અને ભલી માનવાની બેવકૂફી પર એનાથી પણ મલકી પડ્યા વિના ન રહેવાયું.

એ રાતે રમણે દક્ષાને હમણાં હમણાં માથે આવીને પ્રકાશતો ગુરુ બતાવ્યો. પોતાના ગામમાં ગાંજો પી મસ્ત બનેલી બાવાની આંખ આ મંગળ જેટલી લાલ લાગતી હતી, એની વાત પણ એણે કહી. એક પણ વાદળી આકાશમાં ન હતી. ગામની સુધરાઈના દીવા, મિલનાં ભૂંગળાં પર ઝગમગતી નિયોન લાઈટ્સ, સિનેમાઘરોની ઝળકજ્યોત – સહુના પ્રકાશ-અંધકારનું મિલન પડખેના છાપરાની ધારે દેખાતી ક્ષિતિજને આછા લાલ રંગે રંગતાં હતાં. ઘણી વાર તો રમવા નીકળેલા તારા એમાં ખોવાઈ જતા અને રમણને ખેદ સાથે પોતાની સાથે કામ કરનારે કહેલી વાત યાદ આવી જતી. ઘણી નોકરીઓ કરી હતી એણે, ઘણી

ગોળીનાં પાણી પીધાં હતાં એણે. એમાંના એક શેઠે એક વાર નક્કી કરેલા જંતર પર નક્કી કરેલો માનવી ન દેખાયો ત્યારે ભારે  રોષ કરેલો. રમણનેય, પોતે નહિ, પણ પોતાનેય અમુક અંતરે જડનાર મોટાનાય મોટા માલિકે નિયત કરેલા સ્થાને, પેલો તારો ન દેખાયો ત્યારે રોષ ચડેલો.

દિવસ અને રાત જતાં હતાં. દિવસભરના શોકસંતાપ દક્ષા મનમાં સમાવતી હતી, તો કોકની નજર, કોકનો સખૂન, કોકના ઈશારા – સહુની નુકતેચીની પેલા બે વેંતના આકાશના રેજા પાસે મૂંગેમૂંગા કરવાની રમણની આદત હતી.

ત્યાં એક દિવસ રમણે પડખેના છાપરા પર બે ઊભા વાંસ દીઠા. કાળા તારનો ટુકડો બે વાંસની વચ્ચે ટોચ વચ્ચે બંધાયેલો ઝૂલતો હતો. પાડોશીએ રેડિયો લીધો હશે તેનું એરિયલ બાંધ્યું   હતું. ક્યાંય લગી આકાશની ખુલ્લી છાતી પર ભાલા મારતા હોય તેવા આ બે વાંસને અને એ બે વાંસ વચ્ચે ઝૂલતા કાળા તારને એ જોઈ રહ્યો. ન સમજાયું મનમાં શેની ગ્લાનિ હતી, ન કળાયું શેની બેચેની પરેશાન કરતી હતી, પણ ન કળાય એવી વેદના એને આકુળવ્યાકુળ કરી રહી હતી.

દક્ષાએ રમણનું મોં જોયું ત્યારથી જ એને આ સમજાઈ ગયું. પોતાને પણ ન સમજાય તેવી મૂંઝવણ થતી, પણ રમણને બને તો મલકાવવા જ એ બોલી : લ્યો, હવે તો ભજન અને ગીત પણ સાંભળવા મળશે.

રમણ ન બોલ્યો, ન હસ્યો, અને આગળ બોલવાની દક્ષાએ હિંમત ન કરી.

આખી શેરીએ માથું દુઃખે, શરીર તૂટે, કમ્મર ફાટે તો કઈ દવા લેવી એ સાંભળ્યું. દાંત સફેદ, મજબૂત અને સુંદર કરવા માટેના પાંચ પંદર ઈલાજ સાંભળ્યા. બલગમ અને બુખારના નાશ માટેની સલાહ સાંભળી. કઈ ચા પીવી, કઈ સિગારેટ ઈસ્તેમાલ કરવી અને ખોયેલી, ખૂટેલી, ખર્ચેલી શક્તિ મેળવવા આવતા પંદર દિવસમાં કયા કયા ગામે, કયે કયે સ્થળે કોને મળવું, એ પણ સાંભળ્યું.

સહુ સાથે રમણે પણ સાંભળ્યું. જે જગ્યાએ બેસીને રાતે એ સુખ અને સંતાપનું સરવૈયું તારાને સાદર ભેટ ધરતો તે જ જગ્યાએ બેસીને એણે એ સાંભળ્યું. શબ્દો પકડવાનું કામ તો સાચે જ અઘરું હતું, પણ એનો સવાલ જ ક્યાં હતો? એને દિલ ચાહે તેટલો અવાજ કરવાની છૂટ હતી. કોક એને મીઠો કહે અને કોક ભલેને એને કર્કશ કહે, પણ રમણ તો પેલા આકાશના હૈયા પર ચોવીસે કલાક ઉગામેલા ભાલા જેવા એરિયલના બે વાંસને જ જોતો રહ્યો હતો; આ વાંસ એના મનમાં ખીજ અને બેચેની પેદા કરતા હતા.

મનમાં કશો ખ્યાલ આવ્યો અને રમણ ઊભો થઈ ઓરડામાં ગયો. નાખી નજરે જોયા વિના પણ દક્ષા એની એક એક હલચલને માપતી હતી. એક પણ શબ્દ બોલ્યા વિના એણે રમણ સામે જોયું.

'મને થાય છે, આ જોડેવાળા ભાઈને કહી જોઉં, આ વાંસડા હટાવી લ્યે તો...'

રમણને પોતાને જ આ કામ વરવું લાગતું હતું. કોઈનેય કેમ કહેવાય ? અને કહ્યું તોય ન માન્યું તો?

દક્ષા એના શબ્દ પરથી જ એનો વસવસો કળી ગઈ. રમણને વારવા એક જ શસ્ત્ર એ જાણતી હતી. એ મલકી.

રમણે એ મલકાટ જોયો. પળભર થંભી ગયો. કશુંય સારું કરતાં વારવાની આને કેવી ખરાબ આદત પડી છે! રોષથી એની પાંપણ વિશેષ લચી, પણ એને શું બોલવું એ સમજાયું નહિ. તેમ જ એનો પગ પણ ત્યાંથી ઊપડ્યો જ નહિ.

મીઠું મલકતાં દક્ષા બોલીઃ 'એ કાંઈ આપણું આભલું છે ?'

રમણનાં ભંવાં ઊંચાં ચડી ગયાં. આ શું બોલતી હતી દક્ષા ?

આકાશ – જેનો ક્યાંય અંત નથી, અવધિ નથી તે આપણું ? મારું ? હરકોઈનું ?

પણ એ કોઈનું હોય કે ન હોય, પણ એને કદરૂપું કરવાનો કોઈને હક્ક છે ખરો?

'મેં ક્યાં કહ્યું કે આભલું મારું છે ? પણ આ તો આકાશમાં ઉકરડો કરે છે !' રમણ બોલ્યો, બોલી ગયો. એને પોતાને પણ કઈ રીતે બોલી ગયો એ સમજાયું નહિ.

દક્ષા હસી પડી.

'આકાશમાં ઉકરડો કરશે તો એના ઉપર જ પડશે ને?'

આ દક્ષા કોણ જાણે ક્યાંથી આટલી ચતુર અને વહેવારિયણ થઈ આવી છે! પોતાને આવું કેમ ન સૂઝ્યું? રમણ આ વિચારે ચડ્યો અને પેલા ભાઈ પાસે જઈને કહેવાનો એનો ઉત્સાહ ઓસરી ગયો.

રમણ કશું ન બોલ્યો, પણ જ્યારે બે પગ દઈ એ ત્યાંથી નીકળતો ત્યારે પેલા બે વાંસના છેડા જાણે એને પાંસળીમાં ગોદા મારતા હોય એવું લાગતું. આકાશમાં અહર્નિશ ખેલાતી તારાની અનંત લીલાને આંખ ભરીને એ જોવા બેસતો ત્યારે પેલા બે વાંસના છેડા બરછીની જેમ આંખોમાં ભોંકાતા હોય એવું લાગતું અને યત્નપૂર્વક રમણ એ ક્ષિતિજને છોડીને આ ક્ષિતિજ તરફ મીટ માંડતો.

રમણ એ વિશે વાત કાઢતો ન હતો. દક્ષા એને મનમાં મૂંઝાતો દેખી દુઃખી થતી, પણ વખત જતાં બધું રાગે પડશે એ વિશ્વાસે મૂંગી રહેતી.

પણ એ દિવસે સવારે તો દક્ષાથી ચૂપ ન જ રહેવાયું.

'આમ આવો તો,' દક્ષાએ પેલી બે માળની અગાશીમાંથી ઘાંટો પાડ્યો. રમણને એની આખીયે જિંદગીમાં આવી રીતનું સંબોધન સાંભળવાનો આ પહેલો જ પ્રસંગ હતો. 'શું હશે?' અજંપાભરી ઉત્કંઠા અનુભવતો એ બહાર આવ્યો અને દક્ષાએ પોતે જોયેલું જોવા રમણને સૂચવ્યું.

પેલા બે વાંસ ઉપર પોપટ બેઠા હતા.

રમણે જોયું. સૂડા ન હતા, કાળા કાંઠલાવાળા અને પાંખ પર ગુલાબી લસરકાવાળા પોપટ હતા. આકાશની છાતી પર ઉગામેલા ભાલા જેવા એરિયલના પેલા બે વાંસ પર પોપટ બેઠા હતા.

રમણ જોઈ રહ્યો : એટલો જ મૂંગો.

મૂંગી મૂંગી મલકતી દક્ષા ઓરડામાં ગઈ.

પણ ત્યાર બાદ રમણે કદી એ વાત ઉપાડી નથી.






Benaras to bombay, acrylic on canvas, 36x60 inch, yr-2012




Dumbs & drums 26, acrylic on canvas, size-42x84inch, yr-2011

કાવ્ય

# સાણસી

બકુલ ટેલર

રસોડામાં રસોઈ પકાવનાર હોય યા ન હોય
હોય છે હંમેશ આ સાણસી
ગઈ કાલે હતી ત્યાં જ યા જરાક આમતેમ
એણે ક્યાંય જવું હોતું નથી
ધાતુમાંથી આકારોમાં ઢળી રહી હતી ત્યારથી તેનું વ્રત છે
ઉચ્ચાલનના નિયમોમાં રહેવું, નિયત થયેલું કામ કરવું
બીજી કોઈ બબાલ નહીં, ટંટો-ફિસાદ નહીં
તેને કોઈ આળસ નહીં, ઉતાવળ નહીં
રાત યા દિવસના, ઋતુચક્રના ભેદ નહીં
વાવાઝોડા, ધરતીકંપ જેવી આફતોમાંય સ્થિતપ્રજ્ઞ
ઉચ્ચાલનના નિયમોમાં રહેવું, નિયત થયેલું કામ કરવું

ચાની તપેલી તમને દઝાડે, તેને નહીં.
સિફતથી તે જકડે ને કપમાં ચા ઢળે ત્યાં સુધી જકડે
તે ક્યારેય ચાની ચૂસકી ન માગે
મઝાનું રસાદાર શાક હોય કે હોય રવાદાર મીઠાઈ
ન તેને કોઈ સ્વાદ, ન તેને કોઈ રાગ
જગતમાં જેને જે ખાવું હોય તે ભલે ખાય
ધાતુ તરીકે તેણે હજારો વર્ષ માટીનો સ્વાદ સેવ્યો છે
ખાણીયાઓએ તેને ઢૂંઢી કાઢ્યું ત્યારે માણસોને જાણ્યા

ને બસ હવે માણસ વચ્ચે તેનું આયુષ્ય વીતી રહ્યું છે
હવે તે માણસને જ જાણે છે, માટીના ભેદ ભૂલી ગઈ છે
અલબત્ત, તેને સ્ત્રીઓના હાથમાં ગોઠવાવું ગમે છે
પુરુષોના હાથમાં તે ઘણી વાર છટકી ગઈ છે
ઘણા માને છે કે આ સ્ત્રીઓએ વંઠાડી છે એને
હશે, કદાચ થોડું એવું હશે, પણ આમ નહીં
સ્ત્રીઓના હાથોએ તેનામાં લીસ્સાપણું આપ્યું છે
નળ નીચે તેને પાણીમાં ધુએ ત્યારે ખુશ
ને ક્યારેક બે-ચાર દિવસ ન ધોવાય તો...
-તો સમજે કે બાઈમાણસને બહુ કામો હોય છે
-સમજે કે સ્ત્રીને ને સાણસીને મિજાજી થવું ઠીક નહિ
સાંધા ઢીલા થાય તો પણ પકડ ન છોડવી

સાણસી એવું પણ સમજે કે
ચમચા, તવેથા, ભાતિયાં, રવઈ ભલે ઘણાં હોય
બધા વચ્ચે તે તો એક, એકમાત્ર
રસોઈ થઈ રહે તેની રાહ જુએ ઉતાવળ વિના
બાકી શાંત, જન્મારો અહીં જ વીતવાનો છે એવા ભાવથી
શાણી ને સમજદાર ગૃહિણીઓ તેને સાચવે છે
કામ પૂરું થાય પછી બાજુ પર મૂકે છે
સાણસી કાગાનીંદરમાં પોઢી જાય છે
-કાંઈ કશું પકાવો તો કહેજો કહી આંખ આડી કરે છે.

*['નવનીત-સમર્પણ', માર્ચ ૨૦૧૫]*



*drums and guns 20, acrylic on canvas,size-4x5feet*

હાસ્ય

# આ મકાન ન જોઈએ

## બાબુભાઈ વ્યાસ 'પ્રો. ડાહ્યાલાલ'

વ્યાસ બાબુભાઈ જટાશંકર(જ. ૧૯ ઑગસ્ટ ૧૯૨૬ –) અધ્યાપક રહેલા બાબુભાઈ વ્યાસે વર્તમાનપત્રમાં હાસ્યની કૉલમ ચલાવેલી એનાં 'એક ડાહ્યાની દોઢડાયરી'(૧૯૮૫-૮૬) નામે બે પુસ્તકો થયેલાં.એ ઉપરાંત, 'દોઢ ડહાપણની દાઢ'(૧૯૮૩) નામે હાસ્ય-નિબંધો તથા એક નાટક અને વાર્તાસંગ્રહ પણ એમણે પ્રકાશિત કરેલાં.




અલાઉદ્દીન ફાનસ ઘસતો અને જીન હાજિર થઈ જતો, પણ મધુકર ફોનની ઘંટડી સાંભળતો ત્યારે તેનો ચહેરો પેલા જીન જેવો થઈ જતો. એમ ન માનવું કે લેણદારો મધુકર પાસે ઉઘરાણી કરવા ફોન કરતા. આમ તો મધુકર પૈસે ટકે સુખી કહેવાય. બાપા સરકારી નોકરીમાં મોટો કહેવાય એવો હોદ્દો ભોગવતા. ફોન પિતા ધનુભાઈએ વસાવેલો. શહેરમાં એસ.ટી. સ્ટેન્ડની બાજુમાં જ મકાન ખરીદેલું. મધુકર પણ સારી નોકરી કરતો. પત્ની માયા માયાળુ અને સરકારી જાહેરાત મુજબનાં બન્ને સંતાનો પણ મજાનાં. પિતાજીએ વારસામાં ઘર અને ટેલિફોન આપેલાં પણ વડીલનો આ વારસો જ મધુકરને ઉશ્કેરતો હતો.

"સાંભળો છો ?" માયાનો અવાજ આવ્યો અને મધુકર ચમક્યો. ઘરમાં કોઈ બોલે તો તેને ટેલિફોનની ઘંટડી જ મગજમાં અથડાતી.

"કોના ફોન છે ?"

"ફોન નથી, કેટલાક ફોન-સંદેશા છે."

"બોલ, એક પછી એક."

"ગંગારામભાઈનો ફોન હતો."

"કયો ગંગારામ?"

"આપણા ગામડે પાડોશમાં વજુકાકા રહેતા હતા ને ?"

"હા, એ મરી ગયા."

"તેમનો દીકરો ગંગારામ. ફોન હતો કે સોમવારે સવારે જે બસ જામનગર જાય છે તેમાં પણ ત્રણ રિઝર્વેશન કરાવી રાખજો. રવિવારે એ બાજુ નીકળીશ ત્યારે 'કલેક્ટ' કરતો જઈશ."

"માયા, હું  પૂછું છું આ ગંગારામ તેના મનમાં સમજે છે શું ? હું તેનો વાણોતર છું ?" મધુકરના મનના દારૂગોળામાં ગંગારામે જાણે પલીતો ચાંપ્યો.

"બીજો કોનો ફોન છે ?"

"લલિતા ફઈનો."

"મારે કોઈ ફઈ જ નથી. લલિતા ફઈ નામ હું પહેલી વાર સાંભળું છું."

"તમારા ફઈ નહીં મારાં ફઈ." માયાનો અવાજ ઢીલો પડ્યો."

"ઠીક છે. બોલો–"

"વડોદરા શનિવારે જવાનાં છે એટલે–"

"બસનું રિઝર્વેશન કરાવી લાવજો, એમ ને?"

"હા."

મધુકરને આ જ બાબતનો કંટાળો હતો. એ કંટાળામાંથી હવે ગુસ્સો આકાર લેતો હતો. ટેલિફોન પર મધુકરને રિઝર્વેશનના હુકમો સગાંવાલાં તરફથી વારંવાર આવતા એટલે તે ટેલિફોન પર ગુસ્સે થતો અને એસ.ટી. સ્ટેન્ડ પાસે ઘર ખરીદવા માટે સ્વર્ગસ્થ પિતાશ્રીને પણ ક્યારેક મનોમન ગાળો આપી બેસતો.

કોઈ વાર તો ગુસ્સો આસમાને જાય તેવા ફોન આવતા.

"હલ્લો, મધુકરભાઈ છે ?"

"જી હું પોતે જ. બોલો."

"મને ઓળખ્યો ?"

"ના જી."

"વરતેજવાળા મગનભાઈને તો ઓળખોને ?"

"કાંઈ ખ્યાલ નથી આવતો."

"મગનભાઈ – અરે મગનભાઈ મસ્કતી."

"મહુવાવાળા ?"

"ના ના. પેલા મસ્કત જઈ આવ્યા તે મગનભાઈ."

"જુઓ મહેરબાન, આ પાસપોર્ટ ઑફિસ નથી કે કોણ પરદેશ ગયું તેની મને ખબર પડે. સીધી વાત કરો."

"હેં... હેં... હેં... યાર, તમે તો ચિડાયા."

"જુઓ મારે ઑફિસે જવાનું મોડું થાય છે. મુદ્દાની વાત કરો."

"હા – તો એ મગનભાઈનો સાળો મારો લંગોટિયો ભાઈબંધ છે. તેમણે તમારો નંબર આપ્યો. કહે કે લક્ઝરીનું રિઝર્વેશન મધુકરભાઈ કરાવી આપશે. એસ.ટી. સ્ટેન્ડની બાજુમાં જ રહે છે."

મધુકરને આ સમયે બાપદાદાનું મકાન વેચીને ફૂટપાથ પર રહેવા ચાલ્યા જવાનો વિચાર આવતો. સગાંસંબંધીઓ એમ જ માનતાં કે એસ.ટી. બસના રિઝર્વેશનનું બીજું નામ મધુભાઈ !

આ રફ્તાર 'આરક્ષણ'થી અટકી હોત તો તો ઠીક – પણ મધુભાઈને જે અનુભવો થતા તેમાં કાંઈ મીઠાશ નહોતી. લગભગ રોજ મધુકર એસ.ટી. સ્ટેન્ડ પર લાઈનમાં હાજર થઈ જતો. એક દિવસ લાઈનમાં ઊભો હતો ત્યાં પોલીસ જમાદારે બાવડું પકડ્યું. "ચલો, ગઢવી સા'બ બુલાતે હૈ."

"કોણ ગઢવી સાહેબ? હું નથી ઓળખતો."

"અબે ચલ, વર્ના–"

મધુકરને ગઢવી સાહેબ પાસે હાજર કરવામાં આવ્યો.

"મિસ્ટર, શેનો ધંધો કરો છો ?" પોલીસનો સવાલ.

"એક રંગ વેચતી પેઢીમાં હેડ ક્લાર્ક છું સાહેબ." મધુકરના ચહેરાનો રંગ 'લાઈટ યેલો' સાથે મેચ થતો હતો.

"સાથે કાળાબજાર પણ કરો છો એમ ને?"

"શેના કાળાબજાર, સાહેબ?"

"છેલ્લા દસ દિવસથી મને બાતમી મળી છે કે તમે રોજ રિઝર્વેશનની બારી પર રિઝર્વેશન લેવા આવો છો. કાલ સાંજે તમે મુંબઈનું રિઝર્વેશન કરાવેલું અને આજે સવારે રાજકોટનું કરાવો છો. આ બને જ કેવી રીતે? મુંબઈ પહોંચ્યા નથી ને રાજકોટ જવાની વાત?"

"સાહેબ, આ રિઝર્વેશન મારા માટે નથી."

"તો ટિકિટનાં કાળાબજાર કરો છો?"

"સાહેબ, એવું પણ નથી."

"તો પછી દલાલી કરતા હશો?"

મધુકર આ બબાલમાંથી તે દિવસે માંડ માંડ છૂટ્યો. છૂટ્યો તે દિવસે સાંજે જ કુળદેવીનાં દર્શન કરી આવ્યો.

વાત રિઝર્વેશનથી અટકી હોત તો સારું પણ વરસમાં અનેક વાર નીચેના સંવાદો ઘરમાં થતા.

"મધુકરભાઈ, આવીએ કે ?" પ્રશ્નમાં જ ખબર પડે કે આવનાર એકથી વધારે વ્યક્તિઓ છે.

"આવો આવો." મધુકર ગૃહસ્થધર્મ પાળે.

"આ તો થયું કે સવારે છની બસમાં જવાનું છે. અમારું મકાન શહેરના છેવાડે. રિક્ષા મળે કે ન મળે. જોખમ લેવું સારું નહીં. થયું કે મધુકરભાઈને ત્યાં રાત રહી નાખીએ. બે ડગલાં ચાલી નાખીએ તો બસ સ્ટેન્ડ...હેં... હેં... હેં..."

"આ તે ઘર છે કે ધરમ-" મધુકરના ગળા સુધી શબ્દો આવે પણ સંસ્કાર નડે એટલે માયાબહેન અને મધુકર પાગરણની વ્યવસ્થામાં પડે. મહેમાનોને વળાવવા માયાબહેન સાડા ચારે ઊઠે. કોઈ મહેમાનો તો સ્નાન કર્યા વગર ચાનું ટીપું મોંમાં ન મૂકે. મહેમાનો ગયા પછી મધુકરભાઈ દૂધની લાઈનમાં ઊભા હોય – પોતાની ચા તો મહેમાનો બસમાં લઈ ગયા હોય.

કોઈ વાર આવું પણ બને.

રાતના બાર વાગ્યા હોય. મધુકરનું કુટુંબ આખા દિવસનો થાક ઉતારવા ગાઢ નિદ્રામાં પડ્યું હોય. અચાનક ઘરનો દરવાજો ખખડે.

"કોણ?" મધુકરભાઈ ઊંઘરેટિયા અવાજે પૂછે.

"એ તો અમે." ફક્ત આટલો જ જવાબ મળે. જવાબ આપનારા એમ સમજતો હોય કે 'અમે'માં આખી સૃષ્ટિ આવી ગઈ. પણ કરોડો પ્રાણીઓમાંથી આ 'અમે' નામનું પ્રાણી કયું હશે તેની ખબર કેમ પડે? નામ પૂછવાનું મન થાય પણ પાછા બાપદાદાના સંસ્કાર આડે આવે. બારણું ખૂલે, બારણા બહાર પાંચ માથાં દેખાય.

"હેં... હેં... હેં... સાલું આ બસનું ભારે ડીંડવાણું! પ્રસ્તાવના થાય."

"કેમ શું થયું ?"

"આઠને બદલે સાડા આઠે આવે એ તો બરાબર પણ પોણાબારે આવી. રિક્ષાવાળા પણ ભરાડી છે આ તમારા શહેરમાં. પાંચ માથાં લેવાની ના પાડી – રકઝક કરી તો ત્રણ ગણું ભાડું માગ્યું. થયું કે મધુકરભાઈનું ઘર પાસે છે – રાત ત્યાં કાઢી નાખીએ. સવારે પરવારી-કારવી જશું."

અને સરઘસ ઘરમાં દાખલ થાય. સરઘસ સૂત્રો વગરનાં ન હોય. એકાદ ટેણિયું બોલી નાખે, "મમ્મી, આજે જમવાનું નહીં?"

"હેં... હેં... હેં... બાળક છે. સવારના અગિયારે ઘેરથી જમીને નીકળ્યાં છીએ. વચ્ચે પોપકોર્ન અપાવી તોય પેટ ભરાયું નથી." અને વળી પાછું "હેં... હેં... હેં..."

અડધી રાત્રે ગૅસની સગડી સળગે. મધુકર દીવાનખાનાના સોફા પર કેમ સૂઈ રહેવાશે એની ચિંતામાં મૂંગોમંતર થઈ જાય. પણ મનમાં ગાળોનો જાપ જપાતો હોય. માયાબહેન આર્ય સન્નારીના સંસ્કારના ભાર નીચે દબાઈને પૂરી કે ભાખરીની પળોજણમાં પડ્યાં હોય.

પણ એક દિવસ આર્ય સંસ્કૃતિ અને વાસ્તવિકતા વચ્ચે સંગ્રામ જાહેર થયો.

મધુકરે નિર્ણય લઈ લીધો.

"બાપદાદાનું ઘર વેચી નાખીને શહેરની બહાર સોસાયટીમાં રહેવા જવું છે."

"બાપદાદાનાં ઘર વેચીએ તો ખરાબ કહેવાય." માયાબહેનની આંખમાં 'આર્ય' આંસુ હતાં.

"ટાંટિયાની કઢી મારી થાય છે. ઑફિસમાં મહિનામાં ચાર મેમો મળ્યા. હું તે નોકરી કરું કે રિઝર્વેશનની લાઈનમાં ઊભો રહું ?"

જોકે આ નિર્ણય લેતાં પહેલાં મધુકરે ટેલિફોન કાઢી નાખીને એસ.ટી. સ્ટૅન્ડના ધક્કા બંધ કરવાનો વિચાર કરેલો પણ લાંબા વિચારને અંતે તેને લાગ્યું કે આમ કરવાથી મહેમાનોની સંખ્યા વધશે.

આખરે મધુકરે મિત્ર અનંતની સહાય માગી. અનંત એક સોસાયટીનો પ્લાન તૈયાર કરતો હતો. અનંત સોસાયટીનો પ્લાન ખોલી બેસી ગયો.

"બે બેડરૂમ, એક દીવાનખાનું અને આ સ્ટોરરૂમ." અનંતની આંગળી બ્લ્યૂ પ્રિન્ટ પર ફરવા લાગી.

"ચાલશે."

"ગ્રાઉન્ડ ફ્લોર ભરાઈ ગયા છે, પહેલા માળ પર એક ફ્લૅટ ખાલી છે."

"સાતમા માળે પણ ચાલે."

"હવાની દિશા નથી – પહેલાં કહ્યું હોત–"

"હવાની વાત જવા દે. પંખા ચોવીસ કલાક ભલે ફેરવવા પડે."

"આ એરિયાથી હાલ તો એક જ સિટી બસ આવે છે પણ વસતિ વધતાં બસની સંખ્યા વધશે."

"વાંધો નહીં. ટાંટિયા તોડશું."

"અહીં શોપિંગ સેન્ટરની પ્રપોઝલ છે. જોકે કરિયાણાની એક દુકાન હાલમાં ચાલુ છે."

"અરે ભાઈ અનંત, એ બધી લમણાંઝીક છોડને. મકાન તૈયાર ક્યારે કરી આપે છે."

"તમે અને ભાભી આવીને જોઈ તો જાવ. બેચાર ફ્લૅટ છે – તમને ગમે તે પસંદ કરી લો."

"કાંઈ જોવુંબોવું નથી ?"

"પણ આજુબાજુમાં કોઈ નિશાળ–"

"ભાભી, એ ચિન્તા ન કરો. આપણા શહેરમાં પહેલાં સ્કૂલ થાય; પછી મકાનો જુઓ, આ એંસી ફૂટનો પ્રપોઝ્ડ રોડ છે. તેની આ બાજુ સ્કૂલ છે. ફ્લૅટથી ચાર મિનિટ ચાલો એટલે સ્કૂલ."

"અનંતભાઈ, વહેલી સવારની ટ્રેઈનમાં જવું હોય તો વાહન–"

"અરે ભાભી, ચિન્તા શા માટે કરો છો ? આ બાજુ પૂર્વ દિશામાં અડધો કિલોમીટર ચાલો એટલે રિક્ષાના ઢગલેઢગલા."

"અનંતભાઈ, શહેરમાં આટલાં વરસ રહ્યાં એટલે શહેરને છેવાડે તો ન ગમે."

"તું છાનીમાની બેસ. આ અનંત આજે જ ફ્લૅટ આપતો હોય તો અત્યારે જ ટ્રક લઈ આવું."

"પણ આ બાપદાદાનાં મકાન–"

"બસ, તમારું બૈરાંઓનું આ જ દુઃખ, જૂનું છોડતાં નથી અને નવું અપનાવતાં નથી."

"પાણીની સગવડ અનંતભાઈ ?"

"ચોવીસ કલાક. અને મધુકર, આ એરિયા પાંચ વર્ષમાં એટલો ડેવલપ થશે કે તને લાગશે કે તું શહેરની વચ્ચે વસી રહ્યો છે. જો આ નકશો. એમાં જે લાલ રંગે લાઈન કરેલી તે પ્લોટ શેનો છે તે ખબર છે ?"

"ના."

"તો સાંભળ. આ જગ્યા સરકારે એક્વાયર કરી છે."

"રમતના મેદાન માટે ?"

"ના એસ.ટી.બસ સ્ટેન્ડ માટે. પાંચ વર્ષમાં તારા ફ્લૅટથી બે જ મિનિટને અંતર નવું એસ.ટી. બસ સ્ટેન્ડ."

મધુકર સોફા પરથી ઊછળ્યો. આંખો પહોળી થઈ, અવાજ મોટો થયો અને બરાડી ઊઠ્યો.

"મારે આ બાપદાદાનું ઘર વેચવું નથી. મારે એ તારો ફ્લૅટ ખરીદવો નથી. ઉપાડ તારા નકશા અને નીકળ બહાર."

*['અમર હાસ્યનિબંધો', સંપાદક વિનોદ ભટ્ટ,૨૦૦૦-માંથી]*



*drums and guns 3, acrylic on canvas.size-48x60inch (4x5 feet) 48x60inch*

પુસ્તક-પરિચય

# નૉર્વેજિયન વુડ : ભીતરી અસ્તિત્વનો આલેખ

અતુલ રાવલ

પહેલી વાર નવલકથા 'નૉર્વેજિયન વુડ'– Norwegian Woodનું નામ સાંભળેલું ત્યારે કુતૂહલ થયેલું કે એક જાપાનીઝ લેખકને નૉર્વેના ઝાડ વિશે શું કહેવાનું હશે? આ શીર્ષક આમ તો પશ્ચિમી રોક બેંડ બિટલ્સના એક આલ્બમમાંનું ગીત. અને આ નવલકથામાં ત્રણ-ચાર વાર એની તરજોનો ઉલ્લેખ. એ સિવાય એનું કોઈ ઝાઝું મૂલ્ય નથી. અને છતાં છે પણ ખરું. પણ અહીં આ નવલકથા અને તેના નવલકથાકારની ઓળખાણ કરાવવાની મારી સફરમાં તમને સહભાગી કરવાનો મારો ઉપક્રમ છે.

હારૂકી મુરાકામી – Haruki Murakami (૦૧-૧૨-૧૯૪૯) વર્તમાન જાપાનીઝ સાહિત્યના પ્રખ્યાત નવલકથાકાર છે. મુરાકામીની નવલકથાઓ, વાર્તાસંગ્રહો, નિબંધો અને અનુવાદોએ એમને વર્તમાન પેઢીના જાણીતા લેખકોમાં અગ્રસ્થાન અપાવ્યું છે. 'કાફકા ઑન ધ શોર' નવલકથાએ એમને છટ્ઠા ફ્રાંસ કાફકા પારિતોષિકના અધિકારી બનાવ્યા છે. એમની ગણના દુનિયાના શ્રેષ્ઠ જીવંત અનુ-આધુનિક (Post Modern) નવલકથાકારોમાં થાય છે.

મુરાકામીનો જન્મ બીજા વિશ્વયુદ્ધયુદ્ધોત્તર કિયોટો, જાપાનમાં. પિતા બૌદ્ધ પુરોહિત. માતા ઓસાકા શહેરના વેપારીની દીકરી. બંને મુરાકામીને નાનપણની જ જાપાનીઝ સાહિત્ય શીખવે. બાળપણથી જ પશ્ચિમી સાહિત્ય, સંગીત અને સંસ્કૃતિનો વિશેષ પ્રભાવ. આમ પહેલેથી જ અમેરિકન સાહિત્યનું વાચન બહોળું થતું ગયું. નાટકના વિષય સાથે ટોકિયોની યુનિવર્સિટીમાંથી પદવી મેળવી. યોકોને ત્યાં જ મળ્યાં. પરણ્યા. પહેલી નોકરી એક રેકોર્ડ કંપનીમાં કરી. કૉલેજ પછી તરત



જ ૧૯૪૭માં ટોકિયોમાં એક કૉફી અને જાઝ બાર શરૂ કર્યો. તે છેક ૧૯૮૧ સુધી ચલાવ્યો.

એમની મોટાભાગની નવલકથાઓમાં શીર્ષકોનું અનુસંધાન જૂના પશ્ચિમી સંગીતની રચનાઓમાં મળે છે. અત્યાર સુધીમાં ૧૨ નવલકથાઓ, ૩ વાર્તાસંગ્રહોમાંની પચીસેક વાર્તાઓ અને વિશ્વસાહિત્યની માતબર ૪૦ કૃતિઓના જાપાનીઝમાં અનુવાદ આપે છે. સામે લગભગ એટલી જ ૪૦ ભાષાઓમાં એમની કૃતિઓના અનુવાદો પણ થયા છે. એક વિશિષ્ટ વાત મુરાકામી લાંબું દોડવાના પણ શોખીન છે. ૩૩ વર્ષની ઉંમરે અચાનક દોડવાનું શરૂ કરે છે. અત્યાર સુધીમાં એમણે ૨૫ મેરેથોનમાં ભાગ લીધો છે. જાપાનમાં ૧૦૦ કિલોમીટર દોડ એક મોટા સરોવરની ફરતે એકી દોડે પૂરી કરે છે. એમના જીવનના આ દોડવા સાથેના સંબંધને ૨૦૦૯માં લખાયેલા 'વૉટ આઇ ટેક અબાઉટ વેન આઇ ટૉક અબાઉટ રનિંગ'માં બહુ વિગતે ચર્ચે છે. આજે ૬૦ વર્ષની ઉંમરે પણ તે રોજ ૮-૧૦ માઈલ દોડે છે.

મુરાકામી ૨૯ વર્ષની ઉંમરે પહેલી નવલકથા લખે છે. એક સ્ટેડિયમમાં બેઝબોલની રમત નિહાળતાં નિહાળતાં અચાનક તેમને થાય છે કે તેઓ નવલકથા લખી શકે. પાછા આવીને એ જ રાતે કાચો મુસદ્દો રચે છે. પછીના મહિનાઓમાં, દિવસ દરમિયાન કૉફીહાઉસ ચલાવતા અને રાત્રે નવલકથા આગળ ચલાવતા. પહેલી નવલકથાએ એમને જાપાનનો નવોદિતોનો પુરસ્કાર અપાવ્યો. આ સફળ તાએ એમને વધુ લખવાની પ્રેરણા આપી. ધીમે ધીમે કૉફી હાઉસમાંથી મુક્તિ મેળવીને તેમણે પૂરો સમય લેખન પાછળ આપવાની શરૂઆત કરી.

૧૯૭૮માં પ્રકાશિત 'નૉર્વેજિયન વુડ' નવલકથાથી મુરાકાની એક મોટા મુકામ પર પહોંચે છે. વ્યતીત પ્રેમ, ખોવાયેલો ભૂતકાળ અને કામુકતાના વિષયો ઉપર રચાયેલી આ નવલકથા મુરાકામીને યુવાનોમાં ઘણી લોકપ્રિયતા અપાવી છે. આ નવલકથાની અસંખ્ય પ્રતો જાપાનમાં અને જાપાનની બહાર વેચાઈ છે. યુનિવર્સિટીઓમાં ભણવા-ભણાવવા માટેના પાઠ્યપુસ્તક તરીકે એ પસંદગી પણ પામી છે. અને આ કૃતિનાં જુદાં જુદાં પાસાંઓને તપાસવાનું શરૂ થયું છે. મુરાકામીનું અનાસક્ત, વૈયક્તિક, રોમાંચિત અને ખાલીપાનું પણ ચોખ્ખા સાદા અને ક્યારેક આંતરિક સોતસમું લાલિત્યભર્યું વર્ણન યુવાનોને આકર્ષે છે.

૧૯૮૬માં મુરાકામી જાપાન છોડી રોમ અને ગ્રીસનું યુરોપ ભ્રમણ કરતા કરતા અમેરિકામાં સ્થાયી થાય છે. ન્યુ જર્સી, બોસ્ટન, લૉસ ઍંજેલસમાં તે અધ્યાપન કરે છે. દરમિયાન સર્જન અને અનુવાદો અવિરત ચાલ્યા કરે છે. એમને દુનિયાભરમાંથી પારિતોષિકો મળતાં રહે છે.

૨૦ માર્ચ ૧૯૯૫ના રોજ જાપાન અચાનક આંતરિક આતંકવાદનો ભોગ બને છે. ટોકિયોની ભૂગર્ભ ટ્રેનમાં ઝેરી ગૅસ ફેલાવવાથી સર્જાયેલી અંધાધૂંધીમાં અસંખ્ય લોકો સપડાય છે. બીજા વિશ્વયુદ્ધ પછીના આ પહેલા ગંભીર અકસ્માતથી અને લગભગ એ જ ગાળામાં જાપાનમાં આવેલા ભીષણ

ધરતીકંપથી મુરાકામી અંદરથી હચમચી જાય છે. દસ વર્ષનો સ્વદેશત્યાગ અને વતનપ્રેમ મુરાકામીને સ્થળાંતર કરવાની ફરજ પાડે છે. અત્યાર સુધીમાં વ્યક્તિનિષ્ઠ ચાલતી નવલકથાઓ અને વાર્તાઓમાં હવે સમષ્ટિ અને સાંપ્રત પરિસ્થિતિને ઝીલવાની શરૂઆત થાય છે. અને છતાં સમષ્ટિની વાત પણ એક વ્યક્તિથી જ વ્યક્ત કરવાની છે. 'આફ્ટર ધ ક્વેક' સંગ્રહની વાર્તાઓમાં ધરતીકંપ અને ટ્રેનની દુર્ઘટનાની ઘટના તરીકે આધાર લેવાયેલો છે. હાલમાં જ ૨૦૦૯માં જ્યારે એમને ઇઝરાઇલના જેરૂસેલમ પ્રાઇઝથી નવાજવામાં આવ્યા ત્યારે પણ પેલેસ્ટાઇન પ્રત્યેની સહાનુભૂતિ વૈચારિક, વૈયક્તિક, સમાજિક અને રાજકીય સ્વતંત્રતાની વાતથી જ પ્રગટ કરે છે.

○

'નૉર્વેજિયન વુડ'ની વાર્તાનો તંતુ કંઈક આવો છે :




આખી નવલકથા જીવનમાં ઘટેલી વીસેક વર્ષ પહેલાંની ઘટનાઓની વિસ્તૃત વૃત્તાંતકથા છે. ૩૭ વર્ષનો મધ્યમ વયનો નાયક ટોરુ વાતાનાબે જર્મની પહોંચે છે. એને અચાનક બીટલ્સનું નૉર્વેજિયન વુડ-ગીત કાને પડે છે. નિજી વિચારોથી લપટાયેલા ટોરુને આ ગીત અંદરથી એક ઊંડો આંચકો આપે છે. આ ધક્કાથી શરીરમાંથી વીજળી પસાર થઈ ગયાની ધ્રુજારી તે અનુભવે છે, કહો કે ધકેલાઈ જાય છે એ સમયગાળામાં અને અચાનક એનો ભૂતકાળ આંખો સામેથી પસાર થતો ભાસે છે.

અહીં ટોરુ, એનો કૉલેજનો સાથી કિઝુકી અને કિઝુકીની મિત્ર નાઓકો નજીકનાં મિત્રો છે. કિઝુકી અને નાઓકો એકબીજાંને જન્મોજન્મનાં સાથી માને છે. ટોરુ એ બંનેની મૈત્રીથી ખુશ છે. પણ આ સુખદ ઘટનાનો કિઝુકીની સત્તરમી વર્ષગાંઠને દિવસે થયેલી અચાનક આત્મહત્યાથી અંત આવે છે. કિઝુકીના અવસાનથી બંને મિત્રો હચમચી જાય છે. ટોરુને જ્યાં જુએ ત્યાં મૃત્યુ અને એનો પ્રભાવ નજરે પડે છે. અને નાઓકો તો જાણે એના શરીરનો એક ભાગ કાયમને માટે ગુમાવી દીધાની લાગણીમાં ગરકાવ છે. આ પરિસ્થિતિમાં બંને એકબીજાની સાથે વધારે ને વધારે સમય વિતાવે છે ને એકમેકને સાંત્વના આપે છે. અંતે એકમેકની જાણ બહાર જ એકબીજાના સહજ પ્રેમમાં પડી જાય છે. નાઓકોની ૨૦મી વર્ષગાંઠની એક કમજોર રાત્રે બંને ન કરવાનું કરી બેસે છે. તે પછીની બીજી જ સવારે નાઓકો ટોરુને પત્ર લખી જણાવે છે કે પોતે કૉલેજ છોડીને એક દૂરની મૅન્ટલ હૉસ્પિટલમાં રહેવા જાય છે.

અહીં ટોરુનો તાજો ખીલેલો પ્રેમ કૉલેજના તાજા છેડાયેલા આંદોલનની પૃષ્ઠભૂમિમાં આટોપાય છે. વિદ્યાર્થીઓ હડતાલે ચડે છે ને ક્રાંતિની માંગણી કરે છે. પણ અચાનક કોઈ જ કારણ વગર વિદ્યાર્થીઓ

પોતાનું આંદોલન સમેટી લે છે. ને જાણે કંઈ જ બન્યું નથી એમ વર્તે છે. ટોરુ આ પાખંડી વૃત્તિથી નારાજ છે.

મિદોરી નામની બીજી એક સહાધ્યાયી ટોરુના નવા વર્ષના ડ્રામા ક્લાસમાં છે. મિદોરી નાઓકોથી બિલકુલ વિરુદ્ધ પ્રકૃતિની – ઉત્સાહી, અતિ-આત્મવિશ્વાસુ, ખુલ્લી અને જ્યારે જે લાગે તે કહેવા અને કરવા માટે પૂરી ઈમાનદાર છે. નાઓકો તરફના  પ્રેમ છતાં પણ ટોરુ મિદોરી તરફ આકર્ષાય છે. નાઓકોની ગેરહાજરીમાં બંનેની મૈત્રી પાંગરે છે.

એકાંતમાં આવેલી મેન્ટલ હૉસ્પિટલમાં ટોરુ અવારનવાર નાઓકોને મળવા જાય છે. ત્યાં બીજી દરદી અને નાઓકોની જ રૂમમાં સાથે રહેતી રેઇકોને મળવાનું પણ બને છે. આ અને આના પછી આવતી મુલાકાતોમાં રેઇકો અને નાઓકો બંને  પોતપોતાનો ભૂતકાળ ટોરુ આગળ પ્રગટ કરે છે. રેઇકો એની વ્યક્તિગત યૌન અભિન્નતા અને નાઓકો પોતાની મોટી બહેનની આત્મહત્યાની વાતો પણ કરે છે.

આ તરફ ટોકિયોમાં ટોરુ અને મિદોરીનું ક્યારેક દૂરથી તો ક્યારેક નજીકથી મળવાનું ચાલ્યા કરે છે. મિદોરીના પિતાની હૉસ્પિટલમાં મુલાકાત અને તે પછી એમનું અવસાન, એમનાં પુસ્તકોની દુકાન, મિદોરીની એકલતા વગેરેમાંથી પસાર થતા થતા ટોરુ-મિદોરીની મૈત્રી આગળ વધે છે. મિદોરીનું પારદર્શક અને સરળ પણ અસ્પષ્ટ માનસિક વલણ અને બીજી તરફના ઊંડા શાંત ગહન સ્વભાવવાળી નાઓકોના વિચારોએ ટોરુને ત્રિભેટે ઊભો કરી દીધો છે. ટોરુ રેઇકોને એના મિદોરી અને નાઓકો વચ્ચેની  પસંદગીમાં થતા સંઘર્ષ વિશે પત્રથી સલાહ માગે છે. ટોરુ નાઓકોને દુભવવા નથી માગતો અને મિદોરીને ગુમાવવા પણ નથી માગતો. નાઓકો એક વાર ટોરુને ચેતવે છે અને કહે છે, "તું ધારે છે એના કરતાં તો હું ઘણી દોષવાળી વ્યક્તિ છું. મારી બીમારી તું ધારે છે એના કરતાં ઘણી ગંભીર છે. એ બીમારીનાં મૂળ ઘણાં ઊંડાં છે. તારે મારા માટે રાહ જોવાની જરૂર નથી. નહીં તો હું પણ તને મારી સાથે લઈ જઈશ." રેઇકો ટોરુની આ અવઢવની તક ઝડપી અંદરથી આનંદ મેળવવાની અને મિદોરી સાથેનો આગળનો સમય કેવો જાય છે તે જોવાની સલાહ આપે છે.

થોડા જ વખતમાં રેઇકો તરફથી બીજો કાગળ આવે છે અને ટોરુને જાણ કરે છે કે નાઓકોએ આત્મહત્યા  કરી છે. દુઃખ અને અચંબામાં પડેલો ટોરુ ગાંડાની જેમ લક્ષહીન આખા જાપાનમાં ભટકે છે. આ તરફ મિદોરી ટોરુનો સંપર્ક નહીં થઈ શકવાની અકળામણમાં છે. એકાદ મહિનાના રઝળપાટ પછી ટોરુ સંપર્ક નહીં થઈ શકવાની અકળામણમાં છે. એકાદ મહિનાના રઝળપાટ પછી ટોરુ  ટોકિયો તરફ  પાછો આવે છે. ત્યાં રેઇકો એને મળવા આવે છે. આધેડ વયની રેઇકો સાથે પણ ટોરુ રાત વિતાવે છે. ને મિદોરી જ એના ભાવિ જીવનની વ્યક્તિ છે એવો  મત જાહેર કરતી જાય છે, ટોરુ મિદોરીને એનો પ્રેમ વ્યક્ત કરવા ફોન કરે છે. પણ સામેથી મિદોરી તરફથી ઠંડો પ્રતિસાદ સાંપડે છે.

નહીં 'હા' અને નહીં 'ના' ના લાંબા અવકાશ વચ્ચે નવલકથાની વાર્તા અહીં પૂરી થાય છે. પણ નહીં કહેવાયેલી વાર્તા કદાચ અહીંથી જ શરૂ થાય છે.

○

જાપાનની વર્ષોથી ચાલી આવતી આગળની પેઢીની ઇતિહાસ-ગ્રસ્ત નવલકથાઓની વણઝારમાંથી મુરાકામીનું સાહિત્ય એક જુદી જ દિશા તરફ ફંટાય છે. મુરાકામીનાં પાત્રોમાં એક પ્રકારની ઈમાનદારી, ખુલ્લી કામુકતા, આત્મનિરીક્ષણ અને સ્વની શોધ દેખાય છે. આ પાત્રો કોઈ તર્કહીન સફરના પ્રવાસીઓ નથી. પણ જિવાતા જીવનને આંગળી અને અંગૂઠાની વચ્ચે ફેરવીને ચારે બાજુએથી જોવાનું સાહસ અને સજ્જતા ધરાવે છે. મુરાકામીની આ નવલકથાનાં પાત્રો જીવન અને મૃત્યુ વચ્ચેની સમતુલા પણ શોધે છે.

ટોરુના બે જુદી જુદી દિશાઓમાં ઊભેલા સંબંધો એના અંદરના અસ્તિત્વનો નકશો દોરી આપે છે. બંને જણ જીવન અને જગતને જુદા જુદ અભિગમથી તપાસે, જુએ, વિચારે છે. બંનેના જીવનસંગીતની ચાવીઓ પણ ઉપર-નીચે છે. મિદોરીનો ટૂંકો પહેરવેશ, મનમોજીલો સ્વભાવ, આવેગજન્ય અને સતત ઊભરાયુક્ત વ્યવહાર જીવનની ઉજ્જ્વળતાનું પ્રતિનિધિત્વ કરે છે. નાઓકા એના પૂર્વપ્રેમીની આત્મહત્યાનો ભાર, પોતાના મનોવૈજ્ઞાનિક પ્રશ્નો અને જીવનની ગમગીન બાજુ લઈને આવે છે. એ જાણે નિરંતર મૃત્યુની નિકટવર્તી ઉપસ્થિતિ પણ પોતાની અંદર જ છુપાવીને જીવે છે. તો શું નાઓકા અહીં એન્ટી-મિદોરી છે? નવલકથા દરમિયાન એક જગાએ રેઈકો ટોરુને જે સલાહ આપે છે તે મુરાકામીનાં પાત્રો ને તેમના જીવન તરફના દૃષ્ટિકોણને ટૂંકમાં વ્યક્ત કરે છે –'આપણે બધા અપૂર્ણ જીવો, અપૂર્ણ દુનિયામાં  જીવીએ છીએ. જીવન જ્યાં જવાનું છે ત્યાં જ જશે. તમે તમારી જાતને એના પ્રાકૃતિક પ્રવાહમાં વહેવા દો.'

એક માન્યતા એ પણ છે કે આ નવલકથા મુરાકામીના પોતાની જુવાનીના દિવસોની પણ હોઈ શકે. જ્યારે મુરાકામી પોતે એક નાનું ગામ છોડી ટોકિયોમાં આવે છે, નાટ્યશાસ્ત્રની પદવી સાથે અભ્યાસ પૂરો કરે છે, પહેલી નોકરી એક રેકોર્ડ કંપનીમાં કરે છે અને પોતાની ભવિષ્યની પત્ની યોકોને ત્યાં જ મળે છે. પણ આ ધારણાને વખોડતાં મુરાકામી કહે છે કે અહીં મેં માત્ર થોડી વિગતો મારા કૉલેજકાળ દરમિયાનની આબોહવા અને અનુભવમાંથી ઉછીની લીધી છે. મારી યુવાની તો ઘણી કંટાળાજનક અને આથી ઘણી ઓછી ઉત્તેજનાથી ભરેલી હતી. મારી પોતાની વાત લખવા જઉં તો માંડ પંદર પાનાંમાં સમેટાઈ જાય.

ટોરુ વીસ વર્ષ પહેલાંની ૧૯૬૦માં બનેલી ઘટનાઓ ઉપર વિચાર કરે છે ત્યારે કહે છે કે "જો હું અગત્યની ઘટનાઓ ભૂલી ગયો હોત તો? તો કદાચ મારી છેક અંદર દટાયેલી કાળી યાદોથી વિસ્મૃતિઓ ધીમે ધીમે કિચડમાં પરિણમી હોત." જીવ પર આવેલી ઉત્કટતા આ નવલકથાનો પ્રાણ છે.

ટોરુ આ નવલકથામાં માત્ર જૂની યાદો તાજી કરવા માટેની હળવી કસરત નથી કરતો પણ એનો પ્રયત્ન જીવનમાંથી પસાર થઈ ગયેલા કષ્ટદાયી સમયને બચાવવાનો છે. ટોરુ કૉલેજકાળમાં વર્ષોને કંટાળાના પ્રશિક્ષણની કવાયતનો ભાગ રૂપે જુએ છે. 'નૉર્વેજિયન વુડ' પરિદૃશ્યમાં અહીં કોઈ સુરક્ષિત આશ્રયસ્થાન નથી. સ્કૂલ, યુનિવર્સિટી, હૉસ્પિટલ જેવી માનવીય સંસ્થાઓ પણ સહીસલામત નથી. સુરક્ષિત સ્થાનો મળવાની શક્યતાઓનો અહીં નકાર છે. ટોરુની તપાસમાં પ્રેમ પણ બિનશરતી કે નિરપેક્ષ નથી લાગ્યો. અને રેઇકો પોતાની જાતને દિવાસળીના ખોખાના ઉપરના ખરબચડા પડ સાથે સરખાવે છે, જે હંમેશાં બીજાને મદદ કરવા પ્રજ્જ્વલિત થઈને પોતે ચૂપચાપ હોમાઈ જાય છે.

આ નવલકથામાંથી પસાર થતા વાચક માટે એ રહસ્ય બની રહે છે કે ટોરુ બેમાંથી કયા પાત્રને પસંદ કરશે? પુસ્તકના છેલ્લા ભાગ સુધી આ રહસ્ય વણઊકલ્યું રહે છે.  પણ ખરી જિજ્ઞાસા આ રહસ્યથી પણ ઊંડે જાય છે. બંનેના વિપરીત મિજાજો, પરિસ્થિતિને વર્ણવવા વપરાયેલા શબ્દોની બંનેની જુદી જુદી પસંદગીઓ ટોરુના અંતર્‌ચક્ષુમાંથી પસાર થાય છે. અને ત્યારે બેમાંથી એકની પસંદગીનો પ્રશ્ન જ ટળી જાય છે. કારણ કે અંતે તો આ બધી જ જીવનની જરૂરી આવશ્યક સહોપસ્થિતિઓ છે. ત્રણ વ્યક્તિઓની આ અંગત સંઘર્ષકથા વાચકને પણ પોતાના અતિવાસ્તવના પ્રવાસે લઈ જાય છે.

જો આ માત્ર પ્રેમકથા હોત તો મિદોરી કે નાઓકોએ બહુ લાલિત્યપૂર્વક નવલકથામાંથી વિદાય લીધી હોત અને અંતે ટોરુ એની પરિપક્વતા બતાવતો હોત. પણ જ્યારે મુરાકામી એક કપોલકલ્પિત નવલકથા લખે છે ત્યારે અવિશ્વસનીય પરિકથા થતાં બચાવે છે.

મુરાકામીનો અતિ સામાન્ય શરૂઆતનો નાયક ટોરુ નવલકથાના અંત તરફ પહોંચતાં પહોંચતાં વ્યાકુળ સંજોગોથી પોતાને ઘેરાયેલો સાંપડે છે. જિંદગીએ એને એક ગૂંચમાં મૂકી દીધો છે. એક ક્ષણે એ કહે છે, "હું ક્યારેય જૂઠું નથી બોલ્યો, જિંદગી દરમિયાન કોઈને ઈજા ન પહોંચાડું તેવી મેં સતત કાળજી રાખી છે. અને તોય આજે હું એક ભુલભુલામણીમાં ફંગોળાઈને ફસાયેલો છું." મુરાકામીના શબ્દોમાં કોઈ પૂર્વસિદ્ધ નૈતિક ઇન્સાફ નથી. જે છે તે એકમાત્ર કર્તવ્ય, નર્યું કર્તવ્ય. આમ એકબાજુથી માત્ર સપાટી ઉપરથી કહેવાયેલી આ કથા છે. પણ ધીમે ધીમે એ જ કથા વાચકને એના ભૂગર્ભમાં લઈ જાય છે. બે બાજુથી વહેંચાયેલો ટોરુ અને વાદક બંને એક એવા ઝૂલતા પુલ ઉપર ઊભા છે કે જ્યાં એક તરફ વાસ્તવનું અને બીજી તરફ આદર્શનું સામસામું ખેંચાણ છે.

ટોરુનો આ સમગ્ર પ્રયત્ન પોતાન નૈતિક તપાસનું સંચાલન કરતાં કરતાં એક એવા મુકામ પર પહોંચે છે, જ્યાં નથી કોઈ સંકલ્પ કે નથી કોઈ પૃથક્કરણ, કે નથી છુટકારો, મુક્તિ કે મોક્ષ. છે માત્ર યાદો અને ગીતની તરજોથી ધ્રૂજી ઊઠતું શરીર....

*['પરબ', માર્ચ ૨૦૧૫]*



*2-broken wings and brazen valley-3, acrylic on canvas, 24x60inch, 2011*



*broken wings and brazen valley-4, acrylic on canvas, 2x5feet, 2011*

પાંચ
કાવ્યો

# એલિયાદ નન્દીનો

## અનુ. બાબુ સુથાર

*Elias Nandino (1900-1993)* મેક્સિકન કવિ. વ્યવસાયે ડોક્ટર *(surgian).* એમનો એકમાત્ર કાવ્ય-સંગ્રહ પ્રગટ થયેલો : એનો અંગ્રેજી અનુવાદ : *Elias Nandino, Tr. by Don Cellini, McFarland & Company, Inc. Publisher, 2010*

૧

### મિલ્કતનો અધિકાર

સમુદ્રને જોતો હોઉં છું ત્યારે
સમુદ્ર જેટલો મારો હોય છે
એટલું મારું કશું જ નથી હોતું.

૨

### મરવું એટલે?

મરવું એટલે
ઊડી જવું
પાંખો વિના
આંખો વિના
કાયા વિના

## ૩

## વહી જતી રમ્ય સંપૂર્ણતા

મેં સૌ પહેલાં તો એક ડાળખી દોરી
પછી એના પર ફૂલને બેસાડવાની દીંટી
પછી એના પર બેસાડ્યું એક ફૂલ
એની અંદરની પાંદડીઓ દોરેલી
એક પછી એક.
એ રીતે મેં ચિત્ર પૂરું કર્યું
ગુલાબનું
ને પછી મેં એ ફૂલને
અત્તરનું સ્વપ્ન જોવા માટેની
પ્રેરણા આપી.
આમ મેં એક સંપૂર્ણ ગુલાબ સર્જ્યું !
એટલું બધું સંપૂર્ણ કે
બીજા દિવસે જ્યારે
હું એનાં વખાણ કરવા ગયો
ત્યારે એ તો મુરઝાઈ ગયું હતું.

## ૪

## ઉલ્કાપાત

ટેબલ પર
એક ગ્લાસ
બેભાન થાય છે
ગબડે છે
પડે છે
જ્યારે એ અથડાય છે
ભોંય સાથે
ત્યારે જનમતી હોય છે
એક આકાશગંગા

## ૫

## આગિયા

સાંજ ઢળી રહી છે; અંધારું પડી રહ્યું છે.
તમને હવે દેખાય છે
આગિયાઓએ રચેલાં હાઈકુમાત્ર.

*['સન્ધિ', (ઑગસ્ટ)૮- ૨૦૧૪]*

चरित्र निबंध

# ખોવાયેલો ભગવાન

### અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

સરસ અવાજવાળા પ્રભાવક વક્તા અને વિવેચક તરીકે વધુ જાણીતા અનિરુદ્ધ લાલજી બ્રહ્મભટ્ટ (૧૧ નવે. ૧૯૩૫ –અવ. ૩૧ જુલાઈ ૧૯૮૧) વિદ્વાન વિવેચક ઉપરાંત ઉત્તમ ચરિત્રકાર, વાર્તાકાર, કવિ, અને સંપાદક હતા. 'અન્વીક્ષા'(વિવેચન,૧૯૭૦), કિમપિ(મૌલિક-અનુદિત કાવ્યો, ૧૯૮૩) 'અજાણ્યું સ્ટેશન'(વાર્તાઓ, ૧૯૮૨), 'નામરૂપ'(ચરિત્રનિબંધો, ૧૯૮૧) એમનાં મહત્ત્વનાં પુસ્તકો.

છેલ્લાં વર્ષોમાં બ્લડકેન્સર થયેલું – જીવવાની જિદ સાથે ઝઝૂમ્યા, સારવાર કરાવી, ને ખાસ તો એ સ્થિતિમાં પણ સતત, ઉર્જાભર્યું સાહિત્ય-સર્જન કર્યું. એમનું થોડુંક લંબાયેલું આયુષ્ય ગુજરાતી ભાષાને પણ લેખે લાગું. ૪૬ વર્ષની વયે એમનું અવસાન થયેલું

'ભગવાન......'માં એક બૂટ પોલિશવાળા છોકરાની નિર્દોષતા અને સ્ફૂર્તિ, વિપરિત જીવનસંજોગોમાં પણ એનો જીવનરસ તથા લેખકનો એની સાથેનો અનુબંધ – એક હૃદયસ્પર્શી વ્યક્તિચિત્ર આપણી સામે મૂકી આપે છે.



બીલીમોરામાં કૉલેજ-કેન્ટીનમાં ઉનાળાની એક સવારે થોડા મિત્રો સાથે વાત કરતો હું બેઠો હતો ત્યાં ટેબલની નીચે કંઈક સળવળાટ થયો ને મારો બૂટ કોઈ હલાવતું હોય એવું લાગ્યું. વાંકો વળીને જોઉં તો નવ-દસ વર્ષનો એક છોકરો હાથમાં બૂટપૉલિશનો બ્રશ લઈને બૂટ સાફ કરતો હતો !




'શું કરે છે ?'

'શાયેબ, બુરાશ મારતો છું.'

'તને કોણે કહ્યું બુરાશ મારવાનું?'

જાણે કંઈક ગુનો થઈ ગયો હોય એવો ભાવ એના મોં પર આવી ગયો ને એ કંઈ પણ બોલ્યા વિના ટેબલ નીચેથી નીકળીને ઊભો રહ્યો. હસી પડતું મોં પરાણે ગંભીર રાખવા એ પ્રયત્ન કરતો હતો એ હું જોઈ શક્યો. એના ચહેરાની નિર્દોષતા ગમી જાય એવી હતી.

'ચા પીશે ?'

'પિવડાવવી હોય તો પીવા.'

'તારું નામ ?'

'ભગલો.'

'ક્યાં રહે છે ?'

'બંદરે.'

ચા પીધા પછી ફરીવાર 'બુરાશ' મારીને એ 'જાઉં, શાયેબ' કહેતો દોડ્યો. સિસોટી વગાડતો છૂટ્યો હતો, કૂતરું વછૂટે એમ. ખભે બૂટપૉલિશના ડાઘાવાળી મેલી થેલી. એમાં થોડી ડબ્બીઓ ને 'બુરાશ.' થોડે દૂર બસ ઊભી રહેલી એમાં કંડક્ટર સાથે કંઈક વાત કરીને એ ચડી ગયો.

બપોરે કૉલેજથી ઘેર જવા હું નીકળ્યો ત્યારે રસ્તા પર ચીખલી તરફથી આવતી બસમાં એ પાછો ફર્યો હતો અને ચાલુ બસમાંથી 'આવજો શાયેબ'ની હસતો હસતો બૂમ મારતો હતો !

પછી થોડા દિવસ સુધી એ દેખાયો નહીં. એક વેળા મારી ચૅમ્બરમાં હું લખતો બેઠો હતો ને એ આવ્યો :

'સલામ, શાયેબ.'

'ક્યાં હતો તું ?'

'મુંબઈ ગયેલો ઉતો.'

'કેમ ?'

'કમાવા.'

'કેટલું કમાયો ?'

'પંદર રૂપિયા.'

'ક્યાં ખર્ચ્યા ?'

'માને આઈપા.'

એને નવી મા હતી. બાપ ત્રીજી વાર પરણેલો. ભગુ બીજીનો. ભગુને એની નવી મા સવાર થતાં જ ઘરની બહાર ધકેલે. રાતે પાછો આવે ત્યારે રોજ એણે એક રૂપિયો લઈને આવવાનું. ન લાવે તો માર પડે. ઘરે ખાવાનું નહિ. ટ્રેનોમાં ફેરિયાઓનાં પગરખાં ને હોટેલોમાં માલિક-ગુમાસ્તાઓનાં બૂટ-ચંપલો પૉલિશ કરીને પેટનો ખાડો પુરાય એટલું મેળવી લે. કોક'વાર આખો દિવસ ભૂખ્યા રહેવું પડે. આ બધી વાતો સાવ સ્વાભાવિક હોય એવી રીતે એણે મને કરેલી. એનો બાપ એક ટૉકીઝ પાસે ભીંતના છાંયડે બેસીને લોકોનાં બૂટ-ચંપલની સિલાઈ કરે.

ગામમાં કૉલેજ થઈ એટલે ભગુનું નસીબ ખૂલ્યું. કૉલેજનાં છોકરા-છોકરીઓ પાસે રિસેસમાં એ પહોંચી જાય. કો'કવાર બસ-સ્ટૅન્ડ પર પણ પકડે. પાંચ-દસ પૈસા કરતાં કરતાં એનો રૂપિયો તૈયાર થઈ જાય ને વાપરવા જોગ થોડું પરચૂરણ પણ મળી રહે.

એક વેળા હું કંઈક લખવા બેઠેલો ને કૉલેજમાં જ થોડું મોડું થઈ ગયું. મને થયું કે હવે તો બસ ઊપડી ગઈ હશે. બીજું વાહન ત્યાં મળે નહીં એટલે ચાલી નાખવાનું રહે. પણ બહાર નીકળીને જોઉં તો બસ ઊભી રહેલી ને ભગુ મને હાથ હલાવીને બોલાવે. બસમાં બેઠો ત્યારે વિદ્યાર્થીઓએ કહ્યું કે, 'શાયેબ નથી આયા, બસ લેટ કરો'નું બુમરાણ ભગુએ મચાવેલું! ડ્રાઈવર એક પારસીબાવા. અવ્વલકુંવારા. કૉલેજની છોકરીઓ તરફ તાકી રહે. બસ દસેક મિનિટ મોડી ઊપડે તો સારું એવું એ ય મનથી ઈચ્છે! પણ ભોળિયો જીવ. 'બઢાં બેહી ગિયાં, ડીકરા.' એમ પૂછે પછી હંકારે. ભગુ બાવાની બાજુમાં ગોઠવાઈ જાય. 'જોવા સરખી જોડી' એ પ્રેમાનંદની પંક્તિ મને યાદ આવે. બસ ચાલે એટલે ભગુને થતો પ્રાકૃત આનંદ એના ખૂલી ગયેલા મોં પર દેખાય. આગળનો દાંત તૂટી ગયેલો, બાકીના પીળા. શરીરે મેલના થર. બસ રેલવે સ્ટેશને પહોંચે ત્યારે 'આવજો શાયેબ' કહીને સિસોટી વગાડતો એ ઊભેલી કોઈ પણ ટ્રેનમાં ચડી જાય. સુરત-વલસાડ વચ્ચે ટ્રેનોમાં ઘરાકી માટેનો એનો 'એરિયો.' ઘરમાં ખેંચ પડે ત્યારે નવી મા ભગુને મુંબઈ 'કમાવા' મોકલે.

દર શનિવારે બપોરે હું બીલીમોરાથી નવસારી એમ.એ.નો વર્ગ લેવા જાઉં. ભગુ સ્ટેશને મારી રાહ જુએ. ગાડી ઊપડે એટલે 'ફસ્ટ કિલાસ'માં ચડી આવે. ટિકિટ ચૅકરના બૂટને 'બુરાશ' મારે. ચાલુ ટ્રેને જ બીજા ડબ્બામાં પહોંચે. હું સમજાવું પણ ન માને. ક્યારેક ચાલુ ટ્રેને બહાર સળિયો પકડીને લટકતો ઊભો હોય. પછી મેં એની સાથે કડક હાથે કામ લેવા માંડ્યું. કહ્યું કે હવે તને ટ્રેનમાં લટકતો જોઈશ, નાહ્યા વિનાનો આવીશ, દાંત ચોખ્ખા નહિ રાખે તો કૉલેજના કંપાઉન્ડમાં પગ નહિ મૂકવા દઉં.

એક વેળા સાંજે હું બંદર પર ફરવા નીકળેલો. સૂરજ આથમવાની તૈયારી. ભગુ નદીના કાંઠે બેસીને શરીર ધૂએ. મને એની તકલીફ સમજાઈ. ગામમાં નળ ત્યારે નહોતા. કૂવેથી ખેંચીને એને કોણ પાણી આપે? એની નવી મા એને ઘરે નાહવાનું પાણી નહિ આપતી હોય. નદીમાં નહાય તો ચડ્ડી પલળે ને બદલવા માટે બીજી ચડ્ડી હોય નહીં; એટલે થીગડિયું ને ફાટેલું ખમીસ કાઢીને શરીરે પાણી ચોપડીને મેલ ઉતારે. મેં ચડ્ડી-ખમીસ એને લાવી આપ્યાં; પણ બીજા દિવસે એના મૂળ લેબાસમાં જ દેખાયો. કહે કે નવી માએ નાના ભાઈ માટે રાખી લીધાં છે! મને થયું કે એના બાપને વાત કરું. ભગુ ગભરાઈ ગયો. કહે કે કહેશો તો મને મારશે. મેં કહ્યું કે તું ઘેર જાય છે જ શા માટે? કહે કે બે દિવસ નહોતો ગયો ને રસ્તે બાપ જોઈ ગયો તે મારીને અધમૂઓ કર્યો. રાત્રે એણે બાપને સિલાઈનાં કામમાં મદદ કરાવાની.

ભગુ 'પ્રૉબ્લેમ ચાઈલ્ડ' નહોતો. સ્વભાવે સરળ. એની કપરી પરિસ્થિતિ એને મન તો સ્વાભાવિક જ હતી. એથી મને એક તરફથી નિરાંત લાગતી ને બીજી તરફથી દુઃખ થતું. ચોરી કરવાનું કે ખિસ્સાં કાતરવાનું એ શીખ્યો નહોતો; પણ એક વાર મેં એને મારામારી કરતો જોયો. બીલીમોરાના એસ.ટી. સ્ટૅન્ડ એની ઉંમરના ત્રણ-ચાર બૂટપૉલિશવાળા છોકરાઓ ઝનૂનપૂર્વક લડે. ભગુ જીવ પર આવીને ડબ્બીઓ અને બ્રશ ભરેલી થેલી વીંઝે. હું પહોંચ્યો. ફરિયાદના અવાજમાં ભગુ કહે કે પેલો રવલો કહે છે કે સવતંતર પક્ષ જીતશે. તમે જ કયો શાયેબ, એ માર ના ખાય?

'સ્વતંત્ર પક્ષ શું છે?' મેં પૂછ્યું. એ મોં વકાસીને મારી સામે જોઈ રહ્યો. આ બનાવને થોડા દિવસ વીત્યા હશે ને મેં એને એક સરઘસમાં 'સ્વતંત્ર પક્ષ ઝિંદાબાદ'ના નારા લગાવતો જોયેલો! એક સાંજે ચીખલીના બસ-સ્ટૅન્ડ પાસે હું ઊભો રહેલો. કોઈ નવું પિક્ચર પડ્યું હશે એની જાહેરાતનાં પાટિયાં ઊંચકીને ઢોલક સાથે સિનેમાનું ગીત ગાતા પાંચેક છોકરાઓ  ત્યાંથી પસાર થયા. એમાં ભગુ! ગળાની નસો ખેંચાઈ આવે એટલો અવાજ ખેંચીને એ ગાતો હતો : 'મેરી નાજુક કલઈયાં મરોડ ગયો રે...' હાથમાં પાટિયું ઊંચકેલું. મને જોઈને દોડતો આવ્યો : 'ટુરિંગમાં આજ પિચ્ચર જોવા મલહે.' પાછો ટોળીમાં ભળી ગયો. બરાબર છોકરી જેવો તીણો રાગ કાઢીને ગાય.

એક બપોરે કૉલેજમાંથી રસ્તા પર આવીને બસની રાહ જોતો હું ઊભો રહેલો. વિદ્યાર્થીઓને છૂટવાની દસ-પંદર મિનિટની વાર હતી. ભગુ બાજુની એક વાડીમાંથી ફૂટી નીકળ્યો. 'બુરાશ મારવા ગયો હતો?' ના ઉત્તરમાં એણે ચડ્ડીના ખિસ્સામાંથી બે ચીકુ કાઢીને બતાવ્યાં. એક પારસી કુટુંબની વાડીમાં ખોદકામ કરવા પણ એ જાય. ચીકુ એની ચડ્ડીમાં સેરવીને એ મૂંગો મૂંગો ઊભો રહ્યો. મારી સામે જુએ પણ બોલી ન શકે. મેં પૂછ્યું : 'પૈસા જોઈએ છે?' ઉત્તરમાં એણે ડોકુ હલાવી 'ના' કહી. પછી હિંમત એકઠી કરીને એણે પૂછ્યું : 'શાયેબ, તમારે બેનને ચિઠ્ઠી મોકલવી હોય તો કહેજો.' હું ચોંક્યો. 'ક્યાં બહેન?'

'કોંક તો ઓહે ને?'

હું ખડખડાટ હસી પડ્યો, 'તું કેટલાની ચિઠ્ઠીઓ પહોંચાડે છે?'

'બઉ બઢાની.'

'તોય...'

'કૉલેજિયા તો બઉ પૈહા આલે.'

બસ આવી એટલે અમારી વાત ત્યાં અટકી.

એક વહેલી સવારે હું વાંચતો હતો ને બહારથી અવાજ આવ્યો :

'શાય...બ...' મેં બારણું ખોલ્યું. ભગુ બૂટને 'બુરાશ' મારવા બેસી ગયો. પછી સ્લેટપેન લઈને એકડો ઘૂંટે. થોડા દિવસમાં તો વાંચતાં શીખી ગયો. પછી મેં બીલીમોરા છોડ્યું. પાંચેક વર્ષ પછી એક સાંજે સુરત સ્ટેશને એનો ભેટો થઈ ગયો.

'અહીં ક્યાંથી?'

'હવે હુરેટ રઉં.'

'મા-બાપ અહીં રહેવા આવ્યાં?'

'ના. છૂટો થઈ ગિયો.'

'બાપ મારતો નથી?'

'એક વાર આવલો. મેં એવી તો ફેંટ મારી કે પછી ની દેખાયો.'

ભગુ મોટો થઈ ગયો હતો. પગમાં ટાયરનાં ચંપલને બદલે ચામડાનાં હતાં. ખભે થેલી નહોતી. બાજુમાં એક છોકરી ઊભેલી. દસબાર વર્ષની હશે. કોઈકે એનું શરીર બાળપણમાં જ વિકસાવી મૂકેલું મોં પર શીળીનાં ચાઠાં. વાન શ્યામ.

'આ કોણ'

'શાડી કીઢી.'

'ક્યારે ?'

'પાંચ દી થિયા.'

'ક્યાં રહો છો બન્ને જણાં?'

'આના બાપને ઝૂંપડે.'

'માણસ સારો હશે.'

'મઈને ચાલી રૂપિયા આપટો છું.'

'ધંધો?'

'અંઈ ટેશનની શાંભે જ જગા મલી. દુકાન શારી ચાલટી છે.' વાતમાંથી મને સમજાયું કે દુકાન એટલે ફૂટપાથ પર મૂકેલી બૂટપૉલિશની પેટી !

'ક્યાં જશો?'

'નહારી. આશાપુરીની બાઢા રાખેલી.'

એ વાતને વર્ષેક થયું હશે. હું સુરત સ્ટેશને ઊતરીને એક વાર ભગુની 'દુકાન' જોવા ગયો. બે-ત્રણ બૂટપૉલિશવાળાઓને પૂછ્યું તો કહે કે ભગલો હવે અહીં નથી રહેતો. એની વહુ કો'ક ટ્રક-ડ્રાઈવર સાથે ભાગી ગઈ અને એ નસીબ અજમાવવા મુંબઈ ગયો છે. મુંબઈ જાઉં ત્યારે વિચાર આવે કે ભગલો ભગવાનદાસ બનીને મને ક્યાંક દેખાશે; પણ એ દેખાયો જ નથી. મહાનગરમાં ભગવાન ક્યાંક ખોવાઈ ગયો છે એવું કહું છું ત્યારે મિત્રો બીજો ભગવાન સમજે છે!

*['નામરૂપ', ૧૯૮૧, બીજી આ. ૧૯૯૯]*



*broken wings and brazen valley-2 (man with sarangi),acrylic on canvas, 2011*



*3-broken wings and brazen valley-5, acrylic on canvas, 24x60inch, 2011*

निबंध

# ત્રણ પત્રો : રવીન્દ્રનાથ ઠાકુર

## અનુ. અનિલા દલાલ

*30-32ની ઉંમરે રવીન્દ્રનાથ પદ્મા નદીને તીરે આવેલા શિલાઇદહના નિવાસમાં, પોતાનો જમીનદારીનો વહીવટ સંભાળવા રોકાયેલા એ દરમ્યાન એમણે લખેલા પત્રોમાંથી 3 અહી લીધા છે. પહેલો પત્ર શ્રીશચન્દ્ર મજુમદારને અને બીજા બે કવિએ એમની ભત્રીજી ઇન્દિરાદેવીને લખેલા છે. આ પુસ્તકમાંના 100 ઉપરાંત પત્રોમાંથી મોટા ભાગના પત્રો ઇન્દિરા દેવી પરના છે.*

*પત્રોમાં કવિની કલ્પનાશક્તિની સાથે જ એમનામાં રહેલી માર્મિક હાસ્ય વૃત્તિ પણ દેખાય છે. પત્રોનું રૂપ લલિત નિબંધ જેવું સર્જનાત્મક છે.*

### ૧

**ઑક્ટોબર, ૧૮૮૭**

હું લગભગ એક મહિનો દાર્જીલિંગ રહી આવ્યો. તમારો પત્ર કલકત્તામાં મારી રાહ જોતો હતો. હું પાછો આવ્યો ત્યારે તે મળ્યો. તમને કેટલાયે દિવસોથી પત્ર લખું -લખું કરતો હતો, પણ કમનસીબે એ બની શક્યું નથી. આ વખતે મારો પોતાનો એટલો દોષ નહોતો. મારી કમરે વા થઈ આવતાં કેટલોક સમય પથારીવશ થઈ પડ્યો હતો. હજુ પણ એટલું સારું તો નથી જ થયું. છતાં પથારીમાંથી ઊઠ્યો છું. પણ લાંબો સમય ખુરસી પર બેસી શકતો નથી. મારી કમર સિવાય પૃથ્વી પર બીજું બધુંય કુશળ-મંગળ છે. મારી પત્ની અને દીકરી દાર્જીલિંગમાં છે, હું કલકત્તામાં ઘરમાં બેઠો બેઠો વિરહ ભોગવું છું – પણ વિરહ કરતાંય કમરનો વા ઘણો ભારે લાગે છે. કવિઓ ગમે તે કહે; આ વખતે મને લાગ્યું છે કે વાની પીડા આગળ વિરહ તો કંઈ નથી. કમરમાં વા થતાં ચંદનનો લેપ કરવાથી તો વળી તે પીડા બેવડી થઈ જાય છે. ચંદ્રમાશાલિની પૂર્ણિમાયામિની સાન્ત્વનાનું નહિ, પીડાનું કારણ બને છે, અને સ્નિગ્ધ સમીરણ તો વિભીષિકા જેવો લાગે છે — છતાંય કાલિદાસથી માંડી રાજકૃષ્ણ રાય સુધીના કોઈએય વા ઉપર એક લીટીનીય કવિતા લખી નથી; કદાચ છે ને તે કોઈનેય વા નહિ થયો હોય. હું લખીશ. આ પ્રસંગે હું તમને એક તાત્ત્વિક મીમાંસાનો પ્રશ્ન પૂછું છું — વિરહનું કષ્ટ જ શા માટે કવિતાનો વિષય છે, અને વાનું કષ્ટ શા માટે કવિતાનો વિષય નથી? કમર વિશેનો જે એક સામાન્ય — સાદો ખ્યાલ હતો તે સામાન્ય લાગતો નથી. હૃદય ભાંગી જતાંય મનુષ્ય માથું ઊંચું કરી ઊભો રહી શકે છે, પણ કમર



ભાંગતાં જ મનુષ્ય એકદમ ચીત, પછી તેની ઉત્થાનશક્તિ જ રહેતી નથી. તે વખતે પ્રેમનું આહ્વાન, સ્વદેશનું આહ્વાન કે સમગ્ર પૃથ્વીનું આહ્વાન થવા છતાં તે કમર પર ટર્પેન્ટાઇનના તેલનું માલિશ કરશે. જ્યાં સુધી માણસની કમર ભાંગતી નથી ત્યાં સુધી તે પૃથ્વીની ગુરુત્વાકર્ષણની શક્તિનો બરાબર અનુભવ કરી શકતો નથી — તમે ચોપડીમાં તો વાંચ્યું છે છતાં પણ જાણતા નથી કે મા વસુંધરા ધીમે ધીમે આપણા મધ્યદેશને પકડી ખેંચે છે; વા થવાથી જ તેનાં પેલાં માતૃસ્નેહનાં પ્રબળ ખેંચાણ વિશેષરૂપે અનુભવાય છે. જે હોય તે, શ્રીશબાબુ, મિત્રની દુર્દશા મનમાં ધરી ક્યારેય હવે પછી કમરને નીચી ગણશો નહિ. 'કપાળફૂટ્યા' એ તો એક રૂપક માત્ર છે, પણ 'કમરતૂટ્યો' એ તો નર્યું સત્ય છે —તેમાં કલ્પનાનો લેશ નથી. આ સત્ય છે — વર્તમાનકાળે એનો જ અનુભવ કરી રહ્યો છું, એટલે હવે આગળ પત્ર લખી શકતો નથી. બાળલગ્ન વિશે તમે મને પ્રશ્ન કર્યો છે, તે પ્રશ્ન પછીથી ઉપાડીશું. હાલ પૂરતું તો એટલું કહી રાખું છું કે બાળલગ્ન જેની ઇચ્છા હોય તે કરે, પણ કમરનો વા તો કોઈનેય ના થશો.

## ૨

**સાજાદપુર**

**૨૯, જૂન ૧૮૯૨**

કાલના પત્રમાં લખ્યું હતું કે આજે સાંજે સાત વાગે કવિ કાલિદાસ સાથે એક ઍન્ગેજમેન્ટ કરવામાં આવશે. દીવો સળગાવી, ટેબલ પાસે આરામખુરસી ખેંચી હાથમાં પુસ્તક લઈ જેવો તૈયાર થઈને બેઠો કે તે વખતે કવિ કાલિદાસને બદલે અહીંના પોસ્ટમાસ્તર આવી ઊભા રહ્યા. મૃત કવિ કરતાં એક જીવના પોસ્ટમાસ્તરનો દાવો વધારે હોય. હું તેને કહી શક્યો નહિ કે 'તમે હમણાં જાવ; હમણાં કાલિદાસ સાથે મારી એક વિશેષ મુલાકાત ગોઠવાયેલી છે.' કદાચ કહ્યું હોત તો તે માણસ બરાબર સમજી શકત નહિ. છતાં પોસ્ટમાસ્તરને બેઠક આપી, અને કાલિદાસને ધીમે ધીમે વિદાય આપવી પડી. આ માણસ સાથે મારે એક વિશેષ પ્રકારનો સંબંધ છે. જ્યારે અમારા આ બંગલાના પહેલે માળે પોસ્ટઑફિસ હતી અને હું પોસ્ટમાસ્તરને દરરોજ જોઈ શકતો – મળી શકતો ત્યારે જ એક વાર બપોરને સમયે આ બીજે માળે બેસી મેં પેલી પોસ્ટ માસ્તરની વાર્તા લખી હતી. જ્યારે એ વાર્તા હિતવાદી પત્રિકામાં પ્રકટ થઈ ત્યારે અમારા આ પોસ્ટમાસ્તર બાબુ તેનો ઉલ્લેખ કરી બહુ લજ્જાભર્યું હાસ્ય પ્રસરાવતા હતા. ગમે તેમ, પણ આ માણસ મને ગમે છે. એ જાતજાતની વાત કહે જાય, અને હું ચુપચાપ બેસી સાંભળ્યા કરું. એમાં વળી એમનો વિશેષ હાસ્યરસ પણ ઉમેરાયેલો હોય.



પોસ્ટમાસ્તરના ગયા પછી તે રાત્રે ફરીથી રઘુવંશ વાંચવાનું શરૂ કર્યું. ઇન્દુમતીના સ્વયંવરવાળો ભાગ વાંચતો હતો. સભામાં સિંહાસન ઉપર હારબંધ સુસજ્જ અને સુંદર ચહેરાવાળા રાજાઓ બેસી ગયા છે, એ વખતે શંખ અને શરણાઈના સૂરો વચ્ચે વધૂવેશમાં સુનંદાનો હાથ પકડી ઈન્દુમતી તે

બધાની વચ્ચે સભામધ્યે આવી ઊભી રહી. એ ચિત્રની કલ્પના કેટલી સુંદર લાગે છે! ત્યાર પછી સુનંદા એક એક વ્યક્તિનો પરિચય કરાવતી જાય છે અને ઈન્દુમતી અનુરાગહીન એક એક પ્રણામ કરતી આગળ ચાલતી જાય છે. આ પ્રણામનો વિધિ કેવો સુંદર છે! જેનો ત્યાગ કરે છે તેને તે જે નમ્રભાવે સન્માનિત કરતી જાય છે, એમાં એ કેવી શોભી ઊઠે છે ! બધા જ રાજાઓ છે, બધા જ તેના કરતાં ઉંમરમાં મોટા છે; ઈન્દુમતી એક બાલિકા છે; એક પછી એક રાજાને પાછળ મૂકતા જવાની આ અનિવાર્ય કઠોરતાને તે જો એક  એક સુંદર વિનયપૂર્વકના પ્રમાણથી ભૂંસતી ગઈ ન હોત તો તો આ દૃશ્યનું કોઈ સૌન્દર્ય રહેત નહિ.



## ૩

### શિલાઇદહ

### ૮ મે, ૧૮૯૩

કવિતા મારી બહુ કાળની પ્રેયસી  છે —  મને યાદ છે કે હું જ્યારે મારા [પુત્ર] રથી જેટલી ઉંમરનો હતો ત્યારથી મારી સાથે તેની સગાઈ થયેલી છે. ત્યારથી અમારા તળાવને કિનારે વડની નીચે, ઘરની પાસેના બાગમાં, ઘરના પહેલા માળ પરનો બંધ ઓરડો, અને સમગ્ર બહારનું વિશ્વ, અને દાસીઓનાં મુખેથી સાંભળેલી પરીકથાઓ અને જોડકણાં વગેરેએ મારા મનમાં એક બહુ મોટું  માયા-જગત સર્જી દીધું હતું. તે વખતનો પેલો અસ્પષ્ટ ઝાંખો અપૂર્વ એવો મનનો ભાવ પ્રકટ કરવાનું બહુ મુશ્કેલ છે, પરંતુ એટલું તો બરાબર કહી શકું કે કવિકલ્પના સાથે ત્યારથી જ મારો વિવાહ થઈ ગયો હતો. પરંતુ તે નારી નસીબદાર નહોતી તેનો સ્વીકાર કરવો રહ્યો; બીજું કંઈ પણ હોય, પણ તે સૌભાગ્ય લઈને આવી નહોતી. સુખ આપત્તી નહોતી એમ તો નહિ કહી શકું, પણ મંગળમય સાથે એનો કોઈ સંબંધ નહોતો, જેને વરે તેને તો ઊંડો આનંદ આપે, પરંતુ દરેક વખતે દૃઢ આલિંગન સમયે હૃદયને નીચોવી રક્ત બહાર કાઢી લઈ લે છે. જે માણસની તે પસંદગી કરે છે તે માણસ સંસારમાં પાયો સ્થાપી ગૃહસ્થ બની સ્થિર પણે જીવન વ્યતીત કરે તેવું તોઃ એ નિર્ધન માટે તદ્દન અસંભવ છે. પરંતુ મારું અસલ જીવન તો તેની પાસે જ  ગીરે મૂકેલું છે. 'સાધના' માટે લખું કે જમીનદારીની સંભાળ રાખું, પણ જેવી કવિતા રચવાનો આરંભ કરું કે એવો તો હું મારા ચિર સમયના યથાર્થ એવો 'સ્વ'માં પ્રવેશ કરું છું — હું સ્પષ્ટપણે સમજી શકું છું કે આ જ સ્થાન છે. જીવનમાં જાણે કે અજાણે ઘણાં મિથ્યા આચરણ કર્યાં હશે, પણ કવિતામાં ક્યારેય મિથ્યા વાત કહી નથી — તે જ મારા જીવનનાં સમગ્ર ગભીર સત્યનું એક માત્ર આશ્રયસ્થાન છે.




રવીન્દ્રનાથ ઠાકુર

*['છિન્નપત્ર-મર્મર', ૧૯૯૩]*



*broken wings and brazen valley-1,acrylic on canvas,, 2x5feet, 2011*



ડો. રેખા રાણે  (જ. 1977, ઝારખંડ )એ ક્રિએટીવ પેઈન્ટીગમા માસ્ટર ડીગ્રી મેળવીને 2008માં Impact Of Folk Painting On Indian Contemporary Paintings (આજની ભારતીય ચિત્રકલા પર લોક-કલાનો પ્રભાવ) વિષય પર પી એચ ડી કર્યું

એમને પોતાના સ્વતંત્ર ચિત્ર પ્રદર્શનો મુંબઈ, દિલ્લી, બનારસ એમ અનેક સ્થળે કરેલા છે.

યુનિ.ના તેમ જ લલિત કળા અકાદમીના ઘણા અવોર્ડ મેળવનાર ડો રેખાએ યુ.કે. તથા ચીનમાં કલાકારોના અદાન-પ્રદાન કાર્યક્રમો કરેલા છે.

હાલ મુંબઈમાં રહીને કામ કરનાર રેખા રાણેની કલાકૃતિઓ મુંબઈ, દિલ્લી, ઝારખંડ એમ અનેક કળા-સંગહોમાં સ્થાન પામી છે.

કાવ્ય

# કોઈના પગલામાં...

## ખલીલ ધનતેજવી

કોઈના પગલામાં ડગ ભરતો નથી,
હું મને ખુદને અનુસરતો નથી.

શ્વાસ પર જીવી રહ્યો છું તે છતાં,
હું ભરોસો શ્વાસનો કરતો નથી.

મારે કાયમ એક ચહેરો છે ફક્ત,
હું કદી દર્પણને છેતરતો નથી.

ક્યાંક નાછૂટકે દુવા માગી લઉં,
હું ખુદાને રોજ વાપરતો નથી.

કેં ફરિશ્તાઓ વગોવાઈ જશે,
એટલે ભૂતકાળ ખોતરતો નથી.

ચાહું તો ખુદને સમેટી પણ શકું,
હું વધારે પડતો વિસ્તરતો નથી.

ને ખલીલ એ પારધીની વાત ક્યાં,
લોભ પણ ક્યાં જાળ પાથરતો નથી.




['સૂર્યમુખી', ૨૦૧૪]

વ્યક્તિ પરિચય

# સાહિત્યકારોના મિત્ર – લાભશંકર ભટ્ટ

મનોજ શુક્લ

'ગુજરાતને ચરણે મારાં છેલ્લાં બે વર્ષોનો લેખસંગ્રહ પુસ્તકરૂપે મુકતાં મેન આનંદ થાય છે. ભાઈ લાભશંકરની આ કામ માથે લઈને પાર ઉતારવાની હિંમત નહીં હોત તો આ પુસ્તકને પ્રકાશમાં આવવાની ઘણા લાંબા વખત સુધી રાહ જોવી પડત.' -લીલાવતી શેઠ-મુનશી.

'આ બધાં લખાણો–હસ્તપ્રત રૂપે કે સામયિકોમાં છપાયેલ સ્વરૂપે વરસોથી કાળજીપૂર્વક સાચવી રાખનાર લાભશંકર પ્રભુરામ ભટ્ટ, રણજિતરામના ભાવનગર-નિવાસકાળના નિકટના મિત્ર હતા.'- ગુજરાતી સાહિત્ય પરિષદ.

'પ્રિય લાભશંકર, આ સાથે મારી માતાનું નિમંત્રણ કાર્ડ આપને પાઠવું છું. તેમા દર્શાવ્યા અનુસાર તા. ૧૫/૨/૧૯૨૬ને સોમવારના રોજ સાંજે ૬.૦૦થી ૮.૦૦ દરમિયાન યોજાયેલાં અમારાં લગ્નમાં હાજરી આપવા વિનંતી છે.'-કનૈયાલાલ માણેકલાલ મુનશી.

ઉપરના ફકરા વાંચ્યા પછી પણ આપના કોઈના મનમાં લાભશંકર ભટ્ટનું કોઈ ચિત્ર આવશે નહીં તેની મને ખાતરી છે. એ યુગના સર્વોચ્ચ અને સર્વોત્તમ કહી શકાય તેવા સાહિત્યકારો સાથે અંગત મૈત્રી અને સાહિત્યિક સત્સંગ રાખનારા લાભશંકર ભટ્ટ સાચા અર્થમાં જાણીતા નહીં થયેલા રત્ન (Unsung Hero) હતા. આજે તેમની વાત માંડવી છે.

રઘુવીર ચૌધરીએ દક્ષાબહેન પટ્ટણીનો પરિચય આપતાં પ્રશ્નોરા નાગર બ્રાહ્મણો વિશે એવું કહ્યું હતું 'એ સૌ ગરીબ નથી પણ અકિંચન છે.' આવી સાધુવૃત્તિ ધરાવતી જ્ઞાતિમાં જન્મેલા લાભશંકર પ્રભુરામ ભટ્ટનો જન્મ વિક્રમ સંવત ૧૯૪૪ અષાઢ વદ આઠમે (ઈ.સ. ૧૮૮૭) થયો હતો. જ્યારે અવસાન તા.૧૦/૦૧/૧૯૫૯ના રોજ થયું. ૭૨ વર્ષનું આયુષ્ય ભોગવનારા લાભુભાઈ ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક રણજિતરામ વાવાભાઇ મહેતાના અંગત મિત્ર હતા. સાહિત્યપ્રવૃતિમાં રસ અને સાહિત્યસર્જનની આવડત– એ બંને એમનામાં હતાં. પણ જ્ઞાતિગત ગુણ નમ્રતાનો એટલે બહાર આવવાની કશેય તમન્ના પણ નહીં અને ઉત્સાહ પણ નહીં. એ અનેક સાહિત્યકારોના  પ્રિય મિત્ર હતા. તે માટે એક દાખલો બસ છે. મણિશંકર રત્નજી ભટ્ટ ઉર્ફે કવિ કાન્તે કાશ્મીરથી ૧૯૨૪માં જે છેલ્લો પત્ર લખ્યો તે આ લા.પ્ર.ભટ્ટને હતો. અગ્રણી સાહિત્યકારો સાથે નિકટતમ મૈત્રી લાભુભાઈને હતી. તેનો લાભ લેવાનો લોભ લેશમાત્ર નહીં. એ એમની વિશેષતા. તેનો એક પ્રસંગ ખાસ નોંધપાત્ર છે.

કવિ ન્હાનાલાલ બીમાર પડી ગયેલા. તેમને સાજા કરવા અને તેમની સારી સારવાર થાય તે માટે કવિ કાન્ત તેમને ભાવનગર લઈ આવ્યા અને ત્રણ માસ સુધી પોતાના નિવાસે રાખ્યા. આ દરમિયાન દરરોજ સાંજે ત્રણ સાહિત્યરસિકોની બેઠક કવિ કાન્તને ઘરે થતી. આમાં

ન્હાનાલાલ, કાન્ત તો હોય જ. ત્રીજું કોણ? ત્રીજા આપણે જેમની વાત કરીએ છીએ એ લાભશંકરને બોલાવવામાં આવતા. મહાન લેખકોની પાછળ એવી વ્યક્તિઓ હોય છે કે જે તેમને મહાન બનવામાં મદદ કરે છે. અહીં લાભશંકરભાઇની વાત કરતી વખતે આ ઉક્તિ મદદે આવે છે. કનૈયાલાલ માણેકલાલ મુનશીની નવલકથા 'ગુજરાતનો નાથ', 'મારી કમલા અને બીજી વાતો' વગેરે પુસ્તકોનું પ્રૂફરીડિંગ લાભશંકરભાઈએ કરેલું અને મુનશીએ તેમનો આભાર પણ માનેલો. એક વિશેષતા નોંધવા જેવી છે. એ યુગના દિગ્ગજ સાહિત્યકારો બળવંતરાય કલ્યાણરાય ઠાકોર, કવિ ન્હાનાલાલ, વિજયરાય વૈદ્ય, કનૈયાલાલ મુનશી, લીલાવતી મુનશી વગેરે સૌ સાથે લાભુભાઈને સ્નેહભર્યા સંબંધો. વળી બને એવું કે બ.ક.ઠા. અને મુનશી વચ્ચે મેળ નહીં. વિજયરાય અને બ.ક.ઠા સામસામે. આવાં અંદરોઅંદરનાં છૂપાં વેર હોવા છતાં આ સૌને લાભશંકર પ્રત્યે અપાર સ્નેહ. આવું સન્માન અમસ્તુ નથી મળતું. સાહિત્યિક સજ્જતા, આંતરિક સંસ્કાર અને અયાચક વૃત્તિ હોય તો જ આવો સુમેળ સાધી શકાય છે.

આ માણસ ખરેખર બેનમૂન હશે. મુંબઈમાં સમૃદ્ધ મિત્રો સારી નોકરી વગેરે બધાને ઠોકર મારીને ભાવનગર જતા રહ્યા. કેમ? કારણ કે પ્રથમ પત્નીનું અવસાન થયું. પોતાનાં બાળકો નોંધારાં ન થઈ જાય એટલે મુંબઈ છોડી દીધું. પણ એમની ઊંચાઇ તો જુઓ ૧૯૩૨માં મુંબઈ છોડ્યા પછી ૧૯૪૮માં લાભુભાઈને મુંબઈ જવાનું થયું કનૈયાલાલ અને લીલાવતીના મહેમાન બન્યા ત્યારે લીલાવતીએ કહ્યું, 'મુનશીજી રાજકીય, સામાજિક અને અન્ય પ્રવૃત્તિમાં બહુ જ વ્યસ્ત રહે છે. મારે તમારી જેવા નિષ્ઠાવાન માણસની ભારતીય વિદ્યાભવનમાં જરૂર છે. તો તમે ભવનમાં જોડાઈ જાવ.' લાભભાઈએ  કહ્યું, 'મારાં ત્રણ બાળકો નાનાં છે. હું તેમને મૂકીને ન આવી શકું. મારી જરૂરિયાત તમારી કરતાં તેમને વધારે છે.' સાહેબ, પિતા તરીકેની ફરજ સારી રીતે બજાવવા માટે એક ઝળહળ તી કારકિર્દીને ઠોકર મારવા માટે અસાધારણ હિંમત અને અપાર વત્સલતા જોઈએ. જે લાભશંકર ભટ્ટમાં હતી.

લાભશંકર ભટ્ટની એક દેણગી તો કશેય બહાર જ નથી આવી. આવશે પણ નહીં. વાત જાણે એમ છે કે ભાવનગરમાં સ્થાપાયેલાં અને સમગ્ર દેશમાં પ્રસિદ્ધિ પામેલા દક્ષિણામૂર્તિ બાલમંદિરની સ્થાપનામાં પણ લાભશંકર ભટ્ટનો અગ્રિમ ફાળો હતો. એ વખતે હરગોવિંદ પંડ્યા મોટાભાઈ તરીકે જાણીતા હતા. નરસિંહપ્રસાદ ભટ્ટ નાનાભાઈ તરીકે જાણીતા હતા. અને તેમને જે લોકોએ સાથ આપ્યો તેમાં કલાગુરુ રવિશંકર રાવલ અને લાભશંકર ભટ્ટ પણ ખરા. સ્વ. લાભશંકરભાઈના પુત્ર સ્વ. બકુલભાઈ અને સ્વ. બકુલભાઈના પુત્ર મનોજ ભટ્ટે વારસાગત રીતે જે સાહિત્ય સાચવ્યું છે તે તપાસીએ તો એવા આધાર મળે છે કે દક્ષિણામૂર્તિને લોકફાળો સારી રીતે મળી રહે તે માટે પણ લાભશંકરભાઈએ મુંબઈના નિવાસ દરમિયાન અથાક પ્રયત્ન કર્યા હતા અને છતાં અપેક્ષા કશી જ ન હતી. આ એ યુગના સંસ્કારો હતા, પરંપરા હતી.  ક. મા. મુનશીને લાભશંકર ઉપર અપાર શ્રદ્ધા. એટલે મુંબઈમાં જ્યારે મુનશીજીએ 'સાહિત્ય સંસદ'ની સ્થાપના કરી ત્યારે તેના મંત્રી પદે લાભુભાઈને મૂક્યા. લાભશંકરભાઈનો ક. મા. મુનશી સાથેનો સંપર્ક જીવનપર્યંત રહ્યો. એટલે તો લાભશંકર ગુજરી ગયા ત્યારે ઉમાશંકર જોષીએ તેમના પુત્રને આશ્વાસન આપતા પત્રમાં લખેલું કે– 'લાભુભાઈના જવાથી ગુજરાતે સાહિત્યપ્રવૃતિઓના એક સક્રિય સાક્ષી ગુમાવ્યા છે. તેમની પાસેથી સમકાલીન સાહિ ત્યની અનેક ઘટનાઓ મેળવવાની રહી ગઈ.' ૧૯૫૦ સુધીના સાહિત્ય જગતનો પ્રત્યેક અગ્રણી સર્જક જેને ઓળખતો હતો એવા લાભુદાદા સાવ અજ્ઞાતવાસમાં રહીને ચાલ્યા ગયા.

*['દિવ્ય ભાસ્કર', બુધવાર, ૮-૪-૨૦૧૫]*

## વીજાણુ ગ્રન્થ-નિર્માણ અને સામયિક-પ્રકાશન

# સંપર્ક-સંવાદ કાર્યક્રમો

૧૧ એપ્રિલ, ૨૦૧૫, શનિવાર, સાંજે ૫ થી ૭

ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, અમદાવાદ

સંચાલન : સંજય ચૌધરી

સ્વાગત અને પ્રાસ્તાવિક : અતુલ રાવલ

'સંચયન' : વીજાણુ સામયિક શા માટે ? : રમણ સોની

અતિથિવિશેષનું વક્તવ્ય : પ્રકાશ શાહ

અધ્યક્ષશ્રીનું વક્તવ્ય : રઘુવીર ચૌધરી

'સંચયન' અને વી-ગ્રંથો અંગે પ્રતિભાવ :

ડંકેશ ઓઝા, રાજેન્દ્ર પટેલ, અપૂર્વ આશર,

અરુણા જાડેજા, રાજેન્દ્ર ખીમાણી, કિરીટ દૂધાત

ખુલ્લી ગોષ્ઠિ

આભાર દર્શન : મુદિતા વિદ્રોહી

૧૬ એપ્રિલ, ૨૦૧૫, ગુરૂવાર, સાંજે ૪ વાગે

શ્રી બળવંત પારેખ સેન્ટર, વડોદરા ૩૯૦૦૦૭

સંચાલન : પીયૂષ ઠક્કર

સ્વાગત અને પ્રાસ્તાવિક : અતુલ રાવલ

'સંચયન' : વીજાણુ સામયિક શા માટે ? : રમણ સોની

અતિથિવિશેષનું વક્તવ્ય : શિરીષ પંચાલ

અધ્યક્ષશ્રીનું વક્તવ્ય : સિતાંશુ યશશ્ચંદ્ર

'સંચયન' અને વી-ગ્રંથો અંગે પ્રતિભાવ :

રાજેન્દ્ર નાણાવટી, જયદેવ શુક્લ, હેમન્ત દવે,

કિશોર વ્યાસ, રાજેશ પંડ્યા

ખુલ્લી ગોષ્ઠિ

આભાર દર્શન : પારુલ મહેતા

## આ અંકના લેખકો

### લેખક-સંપર્ક


બાબુ સુથાર, ફિલાડેલ્ફિયા, basuthar@gmail.com

બકુલ ટેલર, સુરત, bakultailor19@gmail.com

મનોજ શુક્લા, ગાંધીનગર, manojshukla67@yahoo.com

અતુલ રાવલ, અમેરિકા atulraval@gmail.com

ખલીલ ધનતેજવી, વડોદરા, ph. No.91 9898215767

# ‘એકત્ર’ની પ્રવૃત્તિઓનો બીજો પડાવ...

અમેરિકામાં રહીને પણ ગુજરાતી ભાષાના અને સાહિત્યના સંપર્કમાં રહેવું અને એ સંપર્કને, ગુજરાતના (તેમજ અમેરિકાના) સાહિત્યકારો, સાહિત્ય-વિદ્યા-તજજ્ઞો તેમજ સાહિત્ય સંસ્થાઓના સહયોગથી, વીજાણુ માધ્યમો દ્વારા પ્રસારવાનો અને મજબૂત કરવો એ અમારી પ્રવૃત્તિ, કહો કે અમારું આનંદભર્યું મિશન છે.

અમે બે મહત્ત્વનાં કામ આદર્યાં છે: **(૧) વીજાણુ ગ્રંથો (e-books)નું નિર્માણ**: ગુજરાતીનાં ઉત્તમ અને રસપ્રદ પુસ્તકોને, સર્જક અને કૃતિના સરળ પરિચયોના પ્રવેશક દ્વારા, વીજાણુ વાચન માટે પ્રકાશિત કરીએ છીએ, અને **(૨) વીજાણુ સામયિક (e-magazine) ‘સંચયન’નું પ્રકાશન**: રમણ સોનીના સંપાદકપદે છેલ્લાં બે વર્ષોથી, ગુજરાતી સાહિત્યના આરંભથી સામ્પ્રત સુધીની ઉત્કૃષ્ટ અને રસપ્રદ કૃતિઓનું ચયન સચિત્ર મુદ્રણસજ્જાપૂર્વક પ્રગટ કરીએ છીએ. ગ્રંથો અને સામયિક-અંકો બે સ્વરૂપે હોય છે - એક સ્વરૂપ તે ઇ-બુકરીડર રૂપે, બીજું તે પીડીએફ સ્વરૂપે. ‘એકત્ર’ની આ બન્ને પ્રવૃત્તિઓને સારો આવકાર મળ્યો છે.

એ આવકારને અનુસરીને અમે ઘણી ઈ-બુક્સનું આયોજન કર્યું છે. અમે સૌ પહેલાં તો જે હવે કૉપીરાઈટના ક્ષેત્રમાંથી બહાર છે એવા અર્વાચીન સાહિત્યના ગ્રંથોને તેમ જ મધ્યકાલીન સાહિત્યકૃતિઓને ઈ-બુક્સના સ્વરૂપે મૂકવાનું આયોજન કર્યું છે. અમે ઉપલબ્ધ પુસ્તકોને સીધાં જ ઈ-બુકમાં રૂપાન્તર કરવા માગીએ છીએ. અમારી પાસે એ માટે જરૂરી એવી ટેકનોલોજી છે. અમે પુસ્તક સ્કેન કરીને પછી એનું ઓપ્ટીકલ વાચન કરીને છેલ્લે એનું યુનિકોડમાં રૂપાન્તર કરીએ છીએ. અત્રે એ વાત નોંધવી જોઈએ કે એ ટેકનોલોજી બજારમાં ઉપલબ્ધ નથી. અમે એવું માનીએ છીએ કે **આ રીતે રૂપાન્તર કરવામાં આવેલાં પુસ્તકો કેવળ વાચન માટે જ નહીં, સંશોધન માટે પણ એટલાં જ ઉપયોગી બની શકે.** વાચકો આ પુસ્તકોને કેવળ ઓન લાઈન જ નહીં, એમના બુક રીડર પર પણ વાંચી શકે છે. એટલું જ નહીં, સંશોધકો ‘સર્ચ’ દ્વારા જરૂરી શબ્દો, શબ્દપ્રયોગો અને અન્ય પાઠપરક સામગ્રી પણ શોધી શકશે. અમારો આશય તો ગુજરાતી સાહિત્યને જેને hypertextuality તરીકે ઓળખવામાં આવે છે ત્યાં સુધી પહોંચાડવાનો છે.

બીજું, અમે અર્વાચીન તેમજ મધ્યકાલીન સાહિત્યનાં ઈ-બુક માટે ખાસ એવાં કેટલાંક સંપાદનો પણ ઇ-બુક્સ રૂપે કરાવવા માગીએ છીએ. આ સંપાદનોમાં ઊર્મિ કવિતા, ભક્તિ કવિતા, આખ્યાન અને સન્ત સાહિત્યનો સમાવેશ થાય છે. જો કે, ભવિષ્યમાં અમે આ ક્ષેત્ર આગળ વિસ્તારવા માગીએ છીએ અને જો સહકાર મળશે તો અમે હસ્તપ્રતોને પણ hypertextualityના યુગમાં લઈ જવા માગીએ છીએ.

આ ઉપરાંત અમે, **ગુજરાતીના શક્ય એટલા વધુ કોશોને ઈન્ટરએક્ટીવ પાઠ સ્વરૂપે ઈન્ટરનેટ પર મૂકવા માગીએ છીએ.** શરૂઆતમાં અમે આ માહિતી ગુજરાતીમાં મૂકીશું. પછીથી એ જ માહિતી અંગ્રેજીમાં પણ મૂકીશું. અમે જાણીએ છીએ ત્યાં સુધી પરિષદે આવી કેટલીક સામગ્રી વિકીપીડિયા પર મૂકી છે. પણ, એ સામગ્રીનું કાર્ય જુદા જ પ્રકારનું છે. અમારી નજર સમક્ષ અત્યારે તો સ્ટેનફર્ડ યુનિવર્સિટીનો ફિલસૂફીનો એનસાઈક્લોપેડિયા છે. (જુઓ: http://plato.stanford.edu/).

આ પ્રકારના ડીઝીટલ પાઠના અનેક ફાયદા છે. એક તો આપણે આ સામગ્રી ગમે ત્યારે અપ ડેઈટ કરી શકીએ. કોઈ સર્જક અત્યારે હયાત હોય. માનો કે દસ વરસ પછી એ સર્જકનું અવસાન થાય તો આપણે એના વિષેની માહિતીને તરત જ અપ ડેઈટ કરી શકીએ. એ જ રીતે માનો કે કોઈક સર્જકને આવતી કાલે કોઈક રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય એવોર્ડ મળે તો આપણે તરત જ એના વિષેની માહિતીને પણ સમાવી શકીએ. દેખીતી રીતે જ, **આવી સગવડ છપાયેલા ગ્રંથમાં હોતી નથી.**

**જો ગુજરાતની સાહિત્યની અને વિદ્યાની સંસ્થાઓ અમને એ ગ્રંથો કાં તો ડીઝિટલ સ્વરૂપે (જો હોય તો) આપે અથવા તો અમને એનું ડીઝીટલમાં રૂપાન્તર કરવાની પરવાનગી આપે તો અમે એ કામ કરવા તૈયાર છીએ.** એટલું જ નહીં, એમાં જે કોઈ લેખકો વિષેની માહિતી આપવામાં આવી છે એને પણ અમે અપ ડેઈટ કરાવીશું અને એ કામ અમે જે તે સંસ્થાના સહયોગથી જ કરીશું જેથી તે સંસ્થાને સ્વીકૃત ન હોય એવા કોઈ સુધારા કે વધારા એમાં ન આવી જાય.

**'એકત્ર' ફાઉન્ડેશન અત્યારે ગુજરાત વિદ્યાપીઠ અને રાજેશ મશરૂવાળા તથા બાબુ સુથારના સહયોગથી ગુજરાતી સ્પેલ ચેકર બનાવી રહ્યું છે.** આ સ્પેલ ચેકર અત્યારે ઉપલબ્ધ તમામ સ્પેલ ચેકર્સને કાળગ્રસ્ત બનાવી દેશે. કેમ કે આ સ્પેલ ચેકર બનાવતી વખતે અમે કેવળ કોમ્પ્યુટર નિષ્ણાતોની જ નહીં, ભાષાવિજ્ઞાનીઓની પણ મદદ લઈ રહ્યા છીએ.

**આ ઉપરાંત અમે બીજાં એવાં પુસ્તકોની પણ અપેક્ષા રાખીએ છીએ જેમણે ગુજરાતી સાહિત્ય પર અને ગુજરાતી સમાજ પર પણ સારો એવો પ્રભાવ પાડ્યો હોય અને જેમને આજે પણ લોકો હોંશે હોંશે વાંચતા હોય.** અમે જાણીએ છીએ કે ભારત સરકારે આવું કેટલુંક કામ કરાવ્યું છે પણ એ કામની સૌથી મોટી મર્યાદા એ છે કે એ ઈ-રીડરના સ્વરૂપમાં નથી. એટલું જ નહીં, એમાં  વાચક એક સાથે એક કરતાં વધારે પાનાં ડાઉનલોડ કરી શકતો નથી. અમે આ બન્ને મર્યાદાઓને ઓળંગી જવા માગીએ છીએ.

ટૂંકમાં, **અમે ટેકનોલોજીને કેવળ ઉદ્યોગ કે વાપર પૂરતા મર્યાદિત રાખવાને બદલે સરેરાશ ગુજરાતી પ્રજા સુધી લઈ જવા માગીએ છીએ.**

આશા છે કે સૌને ઉપયોગી થાય - ને સૌને રસ પડે - એવી સામગ્રીના નિર્માણ માટેના અમારા આ પ્રયાસોમાં તમારા સૌનો સહયોગ હશે. તમારાં વિધાયક સૂચનો માટે તમારી સાથે સંવાદ કરવા પણ અમે તત્પર છીએ.

**- અતુલ રાવલ, એકત્ર ફાઉન્ડેશન વતી**

Ekatra Foundation

## Introduction

In 1929, Gujarat Vidyapidth published its first edition of સાર્થ ગૂજરાતી જોડણીકોશ, the Gujarati comprehensive dictionary. In the preface, Gandhiji wrote, “હવે પછી કોઇને સ્વેચ્છાએ જોડણી કરવાનોઅધિકાર નથી”. This was the beginning of a new epoch for Gujarati.

In the early eighteen century, people on the Indian subcontinent spoke many more dialects than are spoken today. Most dialects, including Gujarati, did not qualify as “language” because they lacked definitive dictionary and formal grammar. At that time, written materials consisted only of manuscripts. With the introduction of the printing press, publishers of Gujarati books offered books in quantities never imaginable before. This formalized Gujarati as a one of the official languages of India, in a time where many other dialects did not make the technological transition and thus are now endangered or even extinct.

Now, in the 21st century, we are experiencing another such tectonic shift, a move from paper book to digital. We feel that any language that does not make this transition will be in danger of becoming extinct by 2050. However, communities that choose to participate in this digital revolution are at a great advantage, as ubiquitous accessibility becomes common.

Every electronic device – from mobile phones to automobiles — will hold literature in the digital form and it will be accessible to people worldwide.

## Mission

**“Preserve and spread Gujarati literature through digitization”**

In the Western world, a similar successful effort, Project Gutenberg, created over 40,000 free books in digital format and was instrumental in making e-Book reader ubiquitous. Instantly, thousands of books from Shakespeare to Agatha Christie became available to eBook readers at no charge. Over 1,000 million downloads of free ebooks have already occurred. Once Gujarati books are digital, they will be instantly available on eBook readers and readable via Kindle, iPad, Android tablets and smart phones. In the digital form they will be fully searchable with any search engine.

## 2013-2014 Accomplishments

In a very short time, Ekatra picked up pace and involved numerous volunteers from across the world:

- Registered Ekatra Foundation as US not-for-profit organization
- Designed and test creation of ebook using both soft copy and physical books.
- Became the first entity to offer true digital Gujarati ebooks for free on the web, Kindle, iPad, Android tablets, Android smart phones, iPhone and regular computers.
- Built ebook conversion process. Ekatra created/obtained tools to convert proprietary fonts into Unicode, obtained access to Gujarati OCR, established standard ePUB template and created ePUB formatting guide to achieve efficient repeatable scalable process.
- Designed Ekatra Website and offer first 25 free books. Converted total of 50 books.
- Formed literary committee and selected 86 books for conversion. Received permission to convert 20 books.
- Received permission to offer over 50 books published by Lok-Milap Trust.
- Published 8 issues of bimonthly Gujarati e-digest, સંચયન.
- Established communication with leading Gujarati not-for-profit organizations including Gujarat Vidyapith, Gujarati Sahitya Parishad, Forbes Gujarati Sabha, Lok-Milap Trust and Gujarati branch of Wikipedia (વિકિસ્ત્રોત).

## 2015 Goals

- Esablish Ekatra as the premier online Gujarati literature digital library.
- Offer 1,000 free ebooks on Ekatra’s website.
- Offer the same on leading bookstores including Amazon, iBookstore, smashword.com and Flipkart.
- Publish 6 issues of સંચયન. Create awareness of the available Gujarati literary resources.
- Expand volunteer organization to support book conversion and proof reading tasks.
- Collaborate and share knowledge about digital books with other non-for-profit so they can also offer free digital books.

## Get Involved

While our volunteers are working on all fronts, we are seeking help with the following:

- Sourcing of selected books in physical or PDF form.
- Proofreading of OCR content
- Assistance in creating local Ekatra volunteer community

## Contact


Rajesh Mashruwala | mashru@ekatrafoundation.org

Atul Raval | atulraval@ekatrafoundation.org



**Ekatra Foundation is a not for profit organization exempt under section 501(c)(3).**

**It's Federal ID is 46-2153818.**

**Public Charity Status: 509(a)(1) & 170(b)(1)(A)(vi) • Effective Date of Exemption: April 24, 2013.**